
# ઇતિહાસની તેજમૂર્તિઓ

— ધૂમકેતુ

૨



Ac. Gunratnasuri MS

Jin Gun Aradhak Trust

ધૂમકેતુ જન્મશતાબ્દી ગ્રંથાવલિ

# ઇતિહાસની તેજમૂર્તિઓ

## ભાગ-૨

ધૂમકેતુ

ગૂર્જર પ્રકાશન

રતનપોળ નાકા સામે · ગાંધી માર્ગ · અમદાવાદ · ૩૮૦ ૦૦૧

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ITIHASNI TEJMOORTIO, Stories from history by Dhoomketu. Third reprint 1958. Fifth impression, 1991 [Dhoomketu Birth Centenary Edition]. Published by Gurjar Prakashan, Gandhi Road, Ahmedabad.
Price per set of five books : Rs. 68–00

**ઇતિહાસની તેજમૂર્તિઓ** ઐતિહાસિક પ્રસંગકથાઓ. લેખક ધૂમકેતુ. ત્રીજું પુનર્મુદ્રણ: ૧૯૫૮, ચોથું પુનર્મુદ્રણ: ૧૯૬૫,
પાંચમું પુનર્મુદ્રણ: ૧૯૯૧ [ધૂમકેતુ જન્મશતાબ્દી આવૃત્તિ]
(સર્વ હક લેખકને સ્વાધીન)

**પાંચ ભાગની શ્રેણીની કિંમત** 150=00

**: પ્રકાશક :**
મનુભાઈ ગોવિંદલાલ શાહ
ગૂર્જર પ્રકાશન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૦૧.

**મુદ્રક :**
ભીખાભાઈ એસ. પટેલ
ભગવતી મુદ્રણાલય ૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ,
યુનિયન બેંકની પાછળ, દૂધેશ્વર રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૪.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# પ્રસ્તાવના

'જલબિંદુ'માં ચિંતનમૌક્તિકો પ્રગટ થયેલ. તેમાં સાથે થોડીક ઐતિહાસિક નવલિકાઓ પણ હતી. વધારે તો ચિંતનપ્રધાન વસ્તુઓ હતી. એ બન્ને સાહિત્યપ્રકાર ભિન્ન ભિન્ન હોવાથી, એમનો મેળ બરાબર મળતો ન હતો. આ 'ઇતિહાસની તેજમૂર્તિઓ' નામથી પ્રગટ થતા 'જલબિંદુ'ના અભિનવ સંગ્રહમાં બધી જ ઐતિહાસિક નવલિકાઓ મૂકી દીધી છે. ઘણીખરી નવી જ છે. હવે 'જલબિંદુ'માં માત્ર ચિંતન ભાગ જ હશે.

આશા છે કે આ પુસ્તક 'મેઘબિંદુ'ની પેઠે લોકપ્રિય થશે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ થઈ શકી છે, એટલે આવી પ્રસંગકથાઓ સુંદર પ્રેરણાત્મક વાચન લેખે જરૂરી જણાય છે. આના પછી 'ઇતિહાસની તેજમૂર્તિઓ'ના વિશેષ ભાગ આવશે.

કર્ણાવતી નિવાસ,
૨૩, સૌરાષ્ટ્ર સોસાયટી,
અમદાવાદ-૭

ધૂમકેતુ

Ac. Gunratnasuri MS
Jin Gun Aradhak Trust

# અનુક્રમ


| | |
|---|---|
| ૧. જન્મભૂમિના છેલ્લા સાથી | ૫ |
| ૨. ગુરુમંત્ર | ૧૦ |
| ૩. મહારાષ્ટ્ર ધર્મ | ૧૪ |
| ૪. વજ્રવાણી | ૧૯ |
| ૫. જંગલનો સાદ | ૨૩ |
| ૬. માતૃચરણે | ૩૦ |
| ૭. રાજલક્ષ્મી | ૩૫ |
| ૮. કવિતાનો જન્મ | ૩૯ |
| ૯. શ્રેષ્ઠ ભિક્ષાન્ન ! | ૪૩ |
| ૧૦. ચિત્ર બોલ્યું ! | ૪૮ |
| ૧૧. શિષ્યની પિછાન ! | ૫૨ |
| ૧૨. હીરાકણી ! | ૫૫ |
| ૧૩. સત્યની શોધમાં | ૫૮ |
| ૧૪. જ્ઞાન ને અહમ્ | ૬૩ |
| ૧૫. છેલ્લી સેવા ! | ૭૦ |
| ૧૬. મનની વાત ! | ૭૮ |


Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# જન્મભૂમિના છેલ્લા સાથી



ભગવાન તથાગતે પ્રગટાવેલો જ્ઞાનપ્રદીપ ભારતવર્ષની સીમાઓ વટાવી દૂર દૂરના પ્રદેશોમાં પ્રકાશ આપી રહ્યો હતો.

જીવન, શાંતિ માટે છે, જ્ઞાન માટે છે, પ્રકાશ માટે છે, સેવા અને સમર્પણ માટે છે. એ ભાવના ભારતવર્ષની ચાર દિશાઓ ઓળંગીને, હિમાદ્રિનાં ઉત્તુંગ શિખરોની પેલી પાર, ટિબેટનાં મેદાનોમાં ફેલાઈ ગઈ હતી, એ સમયે ટિબેટમાં રાજા યેશે-ઓ [જ્ઞાનપ્રભ]ની સત્તા હતી.

જેમણે જ્ઞાનની જ ઉપાસનામાં સર્વસ્વ અર્પણ કર્યું હતું, એવા મહાપંડિતોથી, ભારતવર્ષનો વિક્રમશીલાનો મહા-

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિહાર એ વખતે, શોભી રહ્યો હતો. એ મહાપંડિતોમાં પ્રધાન સ્થાને, જેમણે સંસાર અને રાજપાટનો મોહ તજીને, અગિયાર વર્ષની કુમળી વયે જ્ઞાનભિખ્ખુ બનવાની તૈયારી કરી હતી અને પચાસ-પચાસ વર્ષના જ્ઞાનયજ્ઞને અંતે જ્ઞાન-મૂર્તિરૂપ બની ગયા હતા તે ભગવાન અતિશા—આચાર્ય દીપંકર હતા. એ જ એક વખતના વિક્રમપુરીના કુમાર ચંદ્રગર્ભ.

ભગવાન તથાગતે પ્રગટાવેલો પ્રકાશ ટિબેટમાં ઝાંખો થતો જાય છે એ જોઈને, રાજા જ્ઞાનપ્રભે, ભારતવર્ષથી ધુરંધર પંડિતોને બોલાવવાનો નિશ્ચય કર્યો. પણ એ નિશ્ચય અમલમાં મુકાય તે પહેલાં રાજા જ્ઞાનપ્રભ, પાડોશી રાજાને હાથે સપડાઈ ગયો ને કેદમાં પડ્યો.

રાજાને મુક્ત કરવા માટે તેના કુમાર ચરુછુપ-ઓ [ બોધિપ્રભ ]ને શત્રુ રાજાએ મુક્તિદંડ માટે કહેવરાવ્યું. બોધિપ્રભ સુવર્ણ લઈને ત્યાં પહોંચ્યો. દુશ્મન રાજાની માગણી કરતાં સુવર્ણ ઓછું નીકળ્યું. પિતાને આશ્વાસન આપવા, અને પોતે વધુ સુવર્ણ લઈને જલદીથી પાછો ફરશે એ સમાચાર કહેવા, તે કેદખાનામાં ગયો.

પણ તે વખતે જ્ઞાનપ્રભે કુમારને કહ્યું: 'પુત્ર! જે સુવર્ણ, ભારતવર્ષથી પંડિતો બોલાવી, આપણા દેશમાં જ્ઞાન-દીપક પ્રકટાવવા માટે, મેં એકઠું કર્યું છે, તે તું આવા કામ માટે વાપરવાનું યોગ્ય ધારે છે?'

કુમાર બોધિપ્રભે જવાબ વાળ્યો: 'પિતાજી! આપ વૃદ્ધ છો. હવે આપને પણ શાંતિ મળવી જોઈએ.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પિતાએ જવાબ વાળ્યો : ‘હે પુત્ર! હું વૃદ્ધ છું. મારું શરીર હવે રાજધર્મ માટે શક્તિમાન રહ્યું નથી. આજ નહિ તો કાલે, પણ આ દેહ પડવાનો તો છે જ. તું હવે મારી ચિંતા છોડી, જ્ઞાન માટે સંગ્રહેલું ધન જ્ઞાનદીપ પ્રકટાવવામાં જ વાપર. ભગવાન અતિશાને સન્માનપૂર્વક પધરાવીને, આપણા દેશમાં જ્ઞાનની જ્યોતિ ફેલાવવાના કામમાં ઉદ્યુક્ત થા. નશ્વર દેહનો મોહ, આવે સમયે ન હોય.’

‘અને પિતાજી! તમે કેદમાં રહો?’

‘મને જર્જરિતને હવે શાનો ભય છે? દેહ બહાર પડે કે આંહીં પડે, એમાં શો તફાવત છે? મોહમાં પડીને તું તારી ધર્મભાવનાને તજતો નહિ.’

કુમાર ગદ્‌ગદ કંઠે વધુ બોલી શક્યો નહિ. પિતાની આજ્ઞાનું પાલન કરવા તેણે બે હાથ જોડી નમન કર્યું— અને માથું તેમના ચરણમાં ધર્યું. વૃદ્ધ પિતાનો આશીર્વાદ દેતો હાથ, તેના માથા ઉપર એક ઘડી અટક્યો--ન અટક્યો, ત્યાં રાજાજ્ઞા થઈ, અને કુમારે ભારે હૈયે પિતાની છેલ્લી રજા લઈ લીધી.

*

શરદ્‌ઋતુનાં નિર્મળ વાદળ જેવા અનેક ભિખ્ખુઓથી શોભી રહેલ વિક્રમશીલા વિદ્યાપીઠમાં, ટિબેટના યાત્રાળુઓ આવ્યા ત્યારે ત્યાંનું પરમ શાંત વાતાવરણ જોઈને ઘડીભર તો દિઙ્‌મૂઢ બની ગયા. જ્યાં જુએ ત્યાં અંતેવાસીઓ મંદ સુમધુર સ્વરે આસ્રવની પરિશુદ્ધિ અર્થે, ચર્ચા કરી રહ્યા છે; કેટલાક અર્થ કરે છે, કેટલાક અર્થ સમજે છે; કેટલાક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અર્થનો અર્થ સમજે છે; કેટલાક સેવા કરી રહ્યા છે; કેટલાક પરમ શાંતિમાં ધ્યાનસ્થ બેઠા છે. ક્યાંય કલહ નથી, અશાંતિ નથી, અવ્યવસ્થા નથી, ઉતાવળ નથી.

ભગવાન અતિશા પાસે, ટિબેટનિવાસી યાત્રીઓએ, જ્યારે રાજા યેશે-ઓ [ જ્ઞાનપ્રભ ]ની, બંધનાગારમાં રહ્યાં રહ્યાં પણ, ભારતીય પંડિતો માટેની અંતિમ ઇચ્છા વ્યક્ત કરી, ત્યારે ભગવાન એટલું જ બોલી શક્યા: 'ઓહો! તમે તિબેટના લોકો જ્ઞાનપૂજા માટે, કેટલી કામના ધરાવો છો? હું વૃદ્ધ થયો છું, પણ વૃદ્ધ રાજાની અંતિમ ઇચ્છાને માન આપીશ.'

અને ત્યાર પછી એક દિવસ સંઘસ્થવિર પાસેથી આર્દ્ર હૃદયે, ભગવાન અતિશાએ ટિબેટ જવાની અનુમતિ મેળવી.

જાણે ભારતવર્ષમાંથી હમેશને માટે વિદાય લેતો હોય તેવો બૌદ્ધ ભિખ્ખુઓનો એક નાનો સંઘ, બોધિગયા તરફ જવા નીકળ્યો. ટિબેટ-પ્રસ્થાન સમયે, આચાર્ય દીપંકરને વળાવવા માટે આવેલા રત્નકીર્તિ, વરોચનરક્ષિત, કનકશ્રી વગેરે પંડિતો શોકપૂર્ણ હૃદયે, રામ વિનાની સૂની અયોધ્યા જેવી દીપંકર વિનાની, સૂની વિક્રમશીલા તરફ પાછા ફર્યા.

ત્રણસો વર્ષ પહેલાં આ જ પ્રમાણે નાલંદા વિદ્યાપીઠના આચાર્ય શાંતરક્ષિતે, ધર્મચક્રપ્રવર્તન ભારતવર્ષમાંથી ટિબેટ તરફ પ્રયાણ કર્યું હતું, અને પોતાનો દેહ હિમાદ્રિને ચરણે ધર્યો હતો; આજે એ જ રીતે, સાઠ વર્ષની વૃદ્ધ વયે, આચાર્ય દીપંકરે ભારતવર્ષની સીમા ઓળંગી.

જ્યાં ટિબેટ અને ભારતની ભૂમિ મળે છે, ત્યાં આચાર્ય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એક ઘડીભર થોભ્યા. પોતે હવે જે જન્મભૂમિને ફરીને જોવાના નથી, એ બુદ્ધચરણધૂલિથી પવિત્ર થયેલી ભૂમિને એક વખત નજર ભરીને નિહાળી લીધી.

અને એમણે શું જોયું?

જ્યાં નજર કરો ત્યાં નજર ઠરી જાય, એવું કોઈ અદ્ભુત સૌન્દર્ય પૃથ્વીમાં વિલસી રહ્યું હતું. વિક્રમશીલા વિદ્યાપીઠની દિશા તરફ એક લાંબી છેલ્લી નજર કરી ભગવાન અતિશાએ પ્રસ્થાન કરવા માટે પગ ઉપાડયો.

એટલામાં ત્યાં થોડે દૂર, નિરાધાર, નમાયાં, તદ્દન નાનાં એવાં કૂતરાનાં ત્રણ બચ્ચાં એમણે દીઠાં. કરુણામય હૃદયે, માતૃભૂમિની છેલ્લી છેલ્લી નિશાની જેવાં, એ ત્રણે અનાથ બચ્ચાંને, સાઠ વરસના આ વૃદ્ધ આચાર્યે, અત્યંત પ્રેમથી, પોતાના ચીવરમાં જ ધારી લીધાં.

એક ડગલું આગળ ભરી ટિબેટની ભૂમિમાં પ્રવેશ કર્યો અને બીજે ડગલે ભારતભૂમિનો સ્પર્શ છૂટી જઈ, આચાર્યના હૃદયમાં એની મધુર સ્મૃતિ માત્ર રહી ગઈ; પણ ચીવરમાં ધારણ કરેલાં, માતૃભૂમિનાં જીવનસંગાથી જેવાં, નિરાધાર-નમાયાં પેલાં ત્રણ બચ્ચાં એમના વૃદ્ધ હૃદયમાં આજે કંઈ કંઈ ભાવો જગાડી રહ્યાં હતાં!



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ગુરુમંત્ર



દિલ્હી નગરીના નિદ્રાધીન નાગરિકો! આ દૃશ્ય ફરી ફરીને જોવા નહિ મળે હો! કોઈ જાગતા નથી? પહેરેગીરો પણ શાંત છે? આશ્ચર્યમુગ્ધ બનેલા તારાઓ! તમને પણ આવું દૃશ્ય તો એકાદ યુગમાં એકાદ વખત જ જોવા મળે છે નાં? પછીનાં વર્ષોમાં તો એની સ્મૃતિથી જ, તમારા મોં પર તેજરેખા દેખાય છે. ખરું કે?

ગુરુ તેગબહાદુરનું શબ છ-સાત દિવસ થયાં દિલ્હીની બજારમાં રખડે છે—એ કાંઈ બહુ અફસોસનો વિષય નથી. દરેકેદરેક સિદ્ધાન્તધારીએ, પોતાના શબની ચિંતા માતા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પૃથ્વીને ચરણે ધરવાની હોય છે. પણ સાત સાત દિવસ થયાં શબ રખડે છે—ખડી તલવારની ચોકીમાંથી ભાર કોનો છે કે ગુરુના શબને ઉઠાવીને, એને અંતિમ ક્રિયા કરવા માટે લઈ જાય? ભાર કોનો છે કે સારી બાદશાહીના લશ્કરી આહ્‌વાનને પડછાયે એક પગલું પણ ધરે?—અને આજે એક કંગાળ વૃદ્ધ વણજારો, પોતાના જુવાન પુત્ર સાથે ત્યાં ઊભો છે, ગુરુના શબને સંભાળવા. આ દૃશ્ય જોવા દિલ્હીનો એક પણ માણસ જાગતો નથી—ખરેખર અફસોસનો તો એ વિષય છે. મહાભારતનું અઢાર અક્ષૌહિણી સૈન્ય જેના મેદાનમાં હતું ન હતું થઈ ગયું હતું, એ દિલ્હી નગરીને પણ આ વૃદ્ધ કંગાલ વણજારા લખીની તેજમૂર્તિ અપરિચિત લાગે છે. દિલ્હી નગરીને થાય છે: 'આવું તેજ? આવું તેજ તો મેં પણ કોઈ દિવસ જોયું નથી!'

ગુરુએ મૃત્યુ માટે પ્રયાણ કરતાં પહેલાં, પોતાના દૂધમલ પુત્રને કહ્યું હતું: 'હવે ગુરુપદ તારે સાચવવાનું છે. મને મૃત્યુનો શોક નથી. ભય પણ નથી. તું એ પદને વીરની માફક સાચવજે. મૃત્યુ તો ખટકતું નથી, પણ મૃત્યુ પછી શબની દુર્દશા થાય—એ ઘા આકરો લાગે છે ખરો. મૃત્યુ તો સૌને આવે છે, પણ શબ તો રખડે છે, કેવળ વીર્યહીન પ્રજા હોય તેનું જ.'

અને એ શબ્દોના ભણકારાથી નિત્ય જાગ્રત હોય તેમ, દૂધ હજી જેના હોઠ ઉપરથી સુકાયું નથી તેવા, કુમળી વયના ગુરુ ગોવિંદે, પિતાનું મૃત્યુ અને શબની દુર્દશા સાંભળતાં જ, એકલે હાથે, એકાકી, દિલ્હીની ભર બજારમાંથી,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ખડી સમશેરની ચોકીમાંથી, પિતાનું શબ અમૃતસર લાવવા માટે, મુસાફરી શરૂ કરી – એકલ પંડે. એ વખતે મધરાત હતી.

પણ જ્યારે મધરાતે માણસ એકલો મુસાફરી શરૂ કરે છે--ફના થઈ જવાનો સિદ્ધાંત હાણમાં રાખીને--ત્યારે ઈશ્વરને નિદ્રા નથી આવી શકતી.

રસ્તે જતાં વૃદ્ધ વણજારો લખી, પોતાના જુવાન પુત્ર સાથે ગાડું લઈને આવતો સામે મળ્યો. ગુરુને ઓળખ્યા. ચરણમાં પડ્યો. ગુરુનો સંકલ્પ જાણ્યો. લખીનું અંતઃકરણ અગ્નિનો રસ પીધો હોય તેવું જ્વલંત બની ગયું. ગુરુને પાછા ફરવા--ફના થઈ જવાના, મૃત્યુના મોંમાં જવાના માર્ગથી પાછા ફરવા--વિનંતી કરી.

'તમે નહિ, મને જવા દો, ગુરુ! મને જવા દો. મારો હિસાબ નથી. તમે લાખો માણસોને તેજધારા પાઈ શકશો. હું જઈશ.'

લખી વણજારો ગુરુના માર્ગમાંથી ખસ્યો જ નહિ. ગુરુ ગોવિંદ ખિન્ન હૃદયે પાછા ફર્યા, અને વણજારો પોતાના જુવાન પુત્ર સાથે દિલ્હીને પંથે પડ્યો.

આજ એ વૃદ્ધ વણજારો, દિલ્હીની બજારમાં ઊભો છે. અને એનો જુવાન પુત્ર એની સાથે છે.

ગુરુનું શબ લઈ લીધા પછી--એક પણ હરફ બોલ્યા વિના--પિતાપુત્રની આંખો મળી--એક ક્ષણને માટે.

ગુરુનું શબ લઈ લીધા પછી--એ ખાલી જગ્યામાં સૂશે કોણ ? પહેરેગીરોને બીજે દિવસે પણ ભુલાવામાં પાડવા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માટે ગુરુની જગ્યા લેશે કોણ? નહિતર તો તરત તપાસ થાય; ને ગુરુનું શબ અમૃતસર કેમ પહોંચે?

વૃદ્ધ પિતા બોલે છે: 'તું નહિ, બેટા, તારે હજુ જિંદગીનો રસ લેવો છે. તું જુવાન છે, હું વૃદ્ધ છું.'

પુત્ર જવાબ વાળે છે.: 'ના પિતા, તમે નહિ, હું. એ તો મારો જ હક્ક છે!'

'હું બેટા! હું, હું વૃદ્ધ.'

'ના પિતા! હું, હું તમારી ચરણરજ!'

--અને આ સંવાદ વધુ વખત ચાલે તો તો કર્યું-કારવ્યું ધૂળ મળે નાં?--દરેક ક્ષણ અમૂલ્ય હતી. દલીલનો વખત ન હતો. લાગણી બતાવવાનો સમય ન હતો. લખીનું કિરપાણ હવામાં ઊંચે ઊછળ્યું. 'વાહ! ગુરુ વાહ!' એવી અમર બાની સાથે છાતીમાં જડાઈ ગયું, ને વૃદ્ધ પિતા ત્યાં ઢળી પડ્યો -- છેલ્લી મીઠી નજરે જુવાન પુત્રને નિહાળતો, અજેય સ્મિત સાથે, આશીર્વાદ દેતો.

પિતાના શબને ગુરુનું વસ્ત્ર ઓઢાડી--મહામોલું ગુરુનું શબ લઈ, આંસુભરી ભીની આંખે, જુવાન પુત્ર ચાલી નીકળ્યો. એની આંખમાંથી હર્ષનાં અને શોકનાં આંસુ વહી રહ્યાં હતાં!

*

દિલ્હી નગરીના નિદ્રાધીન લોકો! આ દૃશ્ય ફરી ફરીને જોવા નહિ મળે હો! કોઈક જાગો! કોઈક બડભાગી તો જાગો!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# મહારાષ્ટ્ર ધર્મ



શિવાજી મહારાજનો ભગવો ઝંડો સહ્યાદ્રિ પર્વતમાળાના અનેક કિલ્લાઓને શોભાવી રહ્યો છે.

પણ જ્યારે ખુદ બાદશાહ આલમગીર ઔરંગઝેબ પોતે જબરજસ્ત સૈન્ય સાથે રણમાં ચડયો, ત્યારે મહારાષ્ટ્ર ધર્મની આકરી કસોટી શરૂ કરી.

અને એ કસોટીમાં, મહારાજનો અજિત મનાતો રાયગઢ પડચો. સંભાજીની વિધવા યેસુબાઈ અને બાલપુત્ર શિવાજી પકડાયાં. સરદાર ઇતિમાદખાનના આ પરાક્રમથી પ્રસન્ન થઈને બાદશાહે એને ઝુલ્ફિકારખાનનો ઇલકાબ આપ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

મરાઠાઓ નીચે મોંએ મહારાજના રાયગઢ પર ફરકતો મોગલ વાવટો નિહાળી રહ્યા. સેનાપતિ સંતાજી ઘોરપડે અને ધનાજી જાદવ, રાયગઢના પતનનો ઇતિહાસ સાંભળી ધ્રૂજી ઊઠયા. છત્રપતિ સંભાજીના વધથી મહારાષ્ટ્રમાં ઘેર ઘેર થયેલો વિલાપ હજી શમ્યો ન શમ્યો, એટલામાં રાયગઢ પડ્યો હતો.

આખા મહારાષ્ટ્રમાં વેદના છવાઈ ગઈ. સંભાજી હણાયો, તેમ તેનો પુત્ર પણ હણાશે, મહાન શિવાજી મહારાજનું સ્વપ્ન અફળ જશે; દરેકના દિલમાં સો સો ખંજર ભોંકાયાં. સેનાપતિ સંતાજી ઘોરપડે પોતાની ચપળ ઘોડેસવાર-સેના સાથે તુલાપુરમાં જઈને, ખુદ બાદશાહી તંબૂનો સોનેરી કળશ મધરાતે ઉપાડી લાવ્યો હતો—એ વીરવાર્તા, હજી તો ગામડે ગામડે મુસાફરી કરતી હતી ત્યાં જ આ શોકવાર્તા આવી કે, મહાન શિવાજીનો પૌત્ર નાનો શિવાજી બાદશાહી કેદમાં સપડાયો છે! મહારાટ્રમાં ઘેર ઘેર એ જ કથા થઈ રહી. રાજપ્રતિનિધિ રાજારામ આ સમાચાર સાંભળીને, ઘડીભર શોકસંતપ્ત બની ગયો.

પણ સરદાર ઇતિમાદખાને યેસુબાઈને કોલ આપ્યો હતો: 'તમારા જીવને જોખમ નહિ થાય. પુત્રના જીવને જોખમ નહિ થાય. બાદશાહ તમારો વાળ વાંકો નહિ કરે.'

બાદશાહી છાવણીમાં રાજકેદીઓને પહોંચાડતાં સરદારે પોતે આપેલું વચન પાળવા વિષે, બાદશાહને વિજ્ઞપ્તિ કરી. સૌના જીવ ઊગર્યા. પણ બાદશાહી ફરમાન આવ્યું: 'કોઈનો વાળ વાંકો નહિ થાય. પણ સૌ ધર્માંતર કરો, અને અમારા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આશ્રિત બનીને તમારું રાજ પાછું સંભાળો !'

જેણે ભવાનીની પૂજા ઘરમાં થતી જોઈ હતી, એવી, બાલપુત્ર શિવાજી, અને પુત્રી ભવાનીબાઈ બન્નેને, હેતથી આંગળીએ ધારી રહેલી, શિવાજી મહારાજની પુત્રવધૂ યેસુબાઈએ જવાબ વાળ્યો: 'એ નહિ બને !'

બાદશાહી હઠ જો ઉગ્ર રૂપ ધરશે તો કોઈને બચાવી શકાશે નહિ, એવા ભયથી કુમળા દિલની કુમારી ઝિનત–ઉન્–નિસાએ બાદશાહને વિનંતી કરી : 'યેસુબાઈ અને શિવાજીને અભયવચન આપ્યા પછી આ વ્યવહાર બાદશાહી શોભાને યોગ્ય નથી.'

સરદાર ઝુલ્ફિકારખાન ચપળ હતો. તેણે ધીમેથી કહ્યું : 'નામદાર ! મરાઠામાં કલહનું બીજ રોપવા, આ બાળક કોઈક દિવસ કામ આવશે !'

પણ શાહી ફરમાન છેક અફળ તો ન જ જવું જોઈએ. બાદશાહે હુકમ કર્યો : 'તો ગમે તે એક ધર્માંતર સ્વીકારે.'

યેસુબાઈ સાથેના માણસોમાં મૃત્યુ જેવી શાંતિ પથરાઈ ગઈ. અત્યારે જ માગણી કોઈ ન સ્વીકારે, તો વખતે થોડા વખત પછી, બાદશાહનું હૃદય પાછું ફરી બેસે. બોલવાનો વખત ન હતો. વિચારવાનો પણ સમય ન હતો.

કોઈની આંખ પણ બોલતી ન હતી. હરઘડીએ શાંતિ વધારે ને વધારે ભયંકર થતી જતી હતી.

—અને અંતે એમાંથી એક નરવીર આગળ આવ્યો : સૌ એને જોઈ રહ્યા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એના દિલમાં, આવી છાની શક્તિ બેઠી રહી હશે, એ ખ્યાલ પણ પહેલી નજરે ન આવે, એટલી બધી મોહક એની જુવાની હતી. એ આગળ વધ્યો, અડગ પગલે; હિંમત ભરેલે સીને. એ જે ડગલું ભરતો હતો, તે એને જીવનભર કેટલી વેદના આપશે, એનો એને બરાબર ખ્યાલ હતો. હસતે મોંએ સૌની મોખરે આવીને એ ઊભો રહ્યો. બધા દિઙ્મૂઢ બનીને જોઈ રહ્યા. હવે તો શાંતિ પણ હજારગણી ગંભીર અને ભયંકર લાગતી હતી. એટલામાં એનો અવાજ આવ્યો: સ્થિર, શાંત, ગંભીર.

'હું આ માગણી સ્વીકારું છું!'

સૌ આશ્ચર્યમુગ્ધ બની ગયા.

બાદશાહ પોતે પણ આ રાજભક્તિ જોઈને વિચારમાં પડી ગયો. 'પણ તું—તું કોણ—? તારા રાજા સાટે કાંઈ રેંજીપેંજી સરદારનાં મૂલ ન હોય!'

'હું તો, નામદાર! પ્રતાપરાવ ગુજ્જરનો વંશજ—!'

મહારાજ શિવાજીના સેનાપતિ પ્રતાપરાવ ગુજ્જરના પરાક્રમે તો બાદશાહને અનેક રાત્રિના ઉજાગરા કરાવ્યા હતો. એનું નામ એને બરાબર યાદ હતું. એ નામ હરેક મોગલને હૈયે હતું. તેણે બાદશાહી સરદારોને પણ ઘણી વખત કેદ કર્યા હતા. એ નામ કાંઈ ભુલાય એવું હતું ?

બાદશાહે માથું હલાવીને એ વાતને મંજૂરી આપી. આભારથી નમેલું, યેસુબાઈનું હૃદય આંસુભરેલી આંખે પોતાના આ વિશ્વાસુ સરદારને નિહાળી રહ્યું. કાંઈ ન સમજ્યાં હોય



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેમ, બાલ શિવાજી અને ભવાનીબાઈ—બન્ને આ જોઈ રહ્યાં.

પણ જ્યારે આ સમચાર સહ્યાદ્રિની પર્વતમાળામાં પહોંચ્યા, ત્યારે ઘેર ઘેરથી અવાજ આવ્યો કે 'મરાઠાઓ! તમારાં ઘોડાં ઉપર જીન નાખો—તૈયાર થાઓ—મહારાષ્ટ્ર-ધર્મ તમને સંભારી આપવા ખંડોજી ગુજ્જરે, પોતાની જાત હોમી છે!'

*

મોગલ છાવણીમાં છાની વાત ચાલે છે: 'રાયગઢ પડયો, પણ માનવહૃદયમાં રહેલો અજિતગઢ હજી કયાં પડયો છે?'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# વજ્રવાણી



ગુરુ ગોવિંદની છાની વજ્જર વાણી કોઈએ સાંભળી છે?

તે દિવસે તો મૈયા ગોદાવરીનો કિનારો આજે જ જાણે, રામભદ્ર અને સીતા પાછાં ફર્યાં હોય એવો અદ્‌ભુત બની ગયો હતો. ભવભૂતિની વાણી જેવી એની ભવ્યતા હતી; કાલિદાસની ઉપમા જેવી સુંદરતા. ઉપરથી ચંદ્રની અમૃત-ધારા વરસી રહી હતી; નીચેથી માતા પૃથ્વીની સુધા.

એ વખતે ગુરુ એકલા, શાંત બેઠા બેઠા. જલતરંગમાં રમતી ચાંદની જોઈ રહ્યા હતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગુરુનું હૃદય આજે શોકથી ભારે બન્યું હતું. આવી અનુપમ રજની જોઈને, ગુરુને પંજાબનાં મેદાન, રાવી નદીનો કિનારો, કાશ્મીરનાં હરિયાળાં ખેતર, અને પોતાની માતૃભૂમિ યાદ આવ્યાં હતાં.

અને ચંદ્રનાં જલતરંગમાં રમતાં કિરણોએ એમને પોતાનાં દૂધમલ બાળકોની યાદ આપી હતી. બે લડાઈમાં મૂકયાં હતાં. બે ધર્મ માટે મુકાયાં હતાં. સમર્પણધર્મનો છલોછલ ઊભરાતો પ્યાલો ગુરુએ પીધો હતો. આજે એની સ્મૃતિનાં બે-ચાર આનંદબિંદુ, ગુરુને વિષાદરસ પાઈ રહ્યાં હતાં.

ગુરુ ગોવિંદનો લોહરસ પીધેલો આત્મા પણ, આજે જાણે કે પોતાનાં બચ્ચાંનું બાળપણ નિહાળી રહ્યો હતો! જાણે કે, અજિતસિંહ ને જુઝારસિંહ, જોરાવરસિંહ અને ફત્તેસિંહ, એમની ખુશનુમા ભરલી જીવનસમર્પણની ઘડીઓ જેવા હતા—બરાબર તેવા જ, ગોદાવરીના કિનારા ઉપર ચાંદનીમાં રમી રહ્યા છે!

પોતે ફેલાવેલા લોહધર્મની ઊંડી ઊંડી મીમાંસામાં ગુરુ ઊતરી ગયા.

એક ઘડીભર એમના અંતરમાં શિવાજી મહારાજે સિદ્ધ કરેલા સ્વપ્ન સાથે, પોતાની સ્વપ્નસિદ્ધિ મેળવવાનું મન થઈ આવ્યું.

'ઓહો! આટલાં આટલાં વર્ષોના પ્રયત્નો છતાં, સિદ્ધિની રેખા ક્ષિતિજમાં ક્યાંય નજરે ચડતી નથી.'

ગુરુ અર્જુન, ગુરુ હરગોવિંદ, ગુરુ તેગબહાદુર—ત્રણ ત્રણ ગુરુઓએ ફેલાવેલા વીરધર્મનું જ્વલંત સ્વપ્ન હજી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સિદ્ધિથી દૂરનું દૂર જોઈને ગુરુનું હૃદય આજે જરાક ખિન્ન-ભાવ પામ્યું છે.

એમના હૃદયમાં એમ પણ થવા લાગ્યું છે કે પોતાના દેહઅર્પણ વિના આ વીર યુદ્ધને, યુદ્ધનો કલશ નહિ ચડે !

એમને હૈયે એમ પણ ચડ્યું છે કે, આ લોહધર્મના વિજય માટે હજી એ બે બલિદાન અધૂરાં છે !

—પણ સર્વ રાગ તજીને, હજારો શીખ વીરોએ, એમને માટે દેહ સમર્પણ કર્યા હતા, એ યાદ કરીને, ગુરુ પોતાના લોહધર્મની શ્રદ્ધા વિષે, આછું સ્મિત કરી રહ્યા હતા. એટલામાં એમના ખભા પર એમનાં પત્ની સુંદરીનો હાથ પડ્યો.

આવી સુંદર દૂધભરી રજની નિહાળીને, માતાને પણ દૂધમલ બાળકોની યાદ તાજી બની હતી. તે વ્યગ્રતાથી બહાર નીકળી, ફરતાં ફરતાં ગુરુ પાસે આવી પહોંચ્યાં હતાં.

ગુરુએ ડોક પાછી ફેરવીને, પછવાડે જોયું.

માતા સુંદરીનો આખો દેહ મૃત્યુની ઠંડી સત્તા નીચે હોય તેવો જડ ઊભો હતો. એમની નિશ્ચલ આંખો ગોદાવરીની પેલી મેર ડુંગરમાળામાં જાણે કાંઈ જોતી હોય તેમ સ્થિર થઈ હતી: તેમણે કાંઈક વ્યગ્ર—કાંઈક—ઉગ્ર—વેદના-ભરેલા અવાજે ગુરુને પૂછ્યું : 'મારા પુત્રો—મારા ચાર પુત્રો—ક્યાં છે ?'

ગુરુનાં નેણ એક ઘડીભર નીચે નમી જઈ, જમીનને નીરખી રહ્યાં.

માતાના અવાજમાં વેદના વધતી ગઈ: 'મારા-મારા એ ચાર ચાર દૂધમલ પુત્રો ક્યાં છે?—એમના વિના આ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આંગણું મને ઘોર અંધકાર જેવું લાગે છે. જુઓ તો ત્યાં, પેલી પર્વતશિખરમાળામાં, ક્યાંય એ ચાર પુત્રો તમને દેખાય છે?'

ગુરુએ જમીન ઉપરથી પોતાની નજર ઊંચે લીધી. એક ઘડીભર સ્પર્શી ગયેલી ખિન્નતાને ખંખેરી નાખતા હોય તેમ એ વજ્ર વાણી બોલ્યા :

'પર્વતમાલાની શિખરાવલિમાં, અને સતલજ–રાવીનાં મેદાનોમાં, મને તો ઠેર ઠેર મારા પુત્રો જ દેખાય છે! ચારનાં શોણિત આપતાં, સંખ્યાબંધ લોહધર્મને વરેલા પુત્રો તૈયાર થઈ ગયા છે. તમે પુત્રોને શોધવા નીકળ્યાં છો; પુત્રો ક્યાં છે એ જગ્યા તમને મળતી નથી. પણ મને તો પુત્રો વિનાની કોઈ જગ્યા દેખાતી નથી!'

નદી ગોદાવરીનાં પાણી, આ વજ્જર વાણી સાંભળીને જાણે લોહરસરૂપ બન્યાં હોય તેમ, ભારે ભારે વહી રહ્યાં.

o

ગુરુ ગોવિંદની આ છાની વજ્જરવાણી, કોઈના સંસ્મરણ-માં જડેલી છે કે?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## જંગલનો સાદ



ઇરાનના શાહ અબ્બાસનું અંતર અંદરના આનંદથી ડોલે તેમ ડોલી ઊઠયું.

આજે પહેલવહેલું એને લાગ્યું કે, એણે મહેલોની દીવાલો વચ્ચે સૌંદર્યને મેળવવા નાહક પ્રયત્ન કર્યો હતો. હજારો–લાખોની કીમતીમાં કીમતી, ઇરાની તૂર્કી શેતરંજીઓ જેની પાસે કંઈ જ વિસાતમાં નહિ એવો, નજર પહોંચે ત્યાં સુધી પથરાયેલો, નીલમબાગ જેવો, લીલોછમ હરિયાળો પ્રદેશ જોઈને, એનું અંતર ઠરી ગયું. જ્યાં જુઓ ત્યાં સાદાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુંદર ઝરણાં વહી રહ્યાં છે; નાની નાની ટેકરીઓ ઉપર સારસ રમણીય શબ્દો બોલી રહ્યાં છે. ઠેકાણે ઠેકાણે સરુના લાંબા પડછાયા પાસે, હરણાં બેસી ગયાં છે; દૂર દૂર ડુંગરાઓ ઉપર રબારીઓ ઢોર ચારે છે. પાસે ઘેટાં–બકરાં ફરે છે એક ઠેકાણે ગજબની વાંસળી વગાડતો ભરવાડનો એક છોકરો બેઠો છે. અંતર ઊઘડયાં હોય તેવાં કેસૂડાનાં અનેક ફૂલો, એની પછવાડેના ખાખરા ઉપર શોભી રહ્યાં છે.

શાહ અબ્બાસનું અંતર ડોલી ઊઠયું. એને લાગ્યું કે એની દીવાલોમાં ઘેરાયેલી હજારો ચીજો, નકામો સૌંદર્યનો કૃત્રિમ ડોળ કરતી હતી. સૌન્દર્ય તો આંહીં હતું.

આંહીં એકએક ચીજ—ઝરણ, છોડ, પાણી, પડછાયા, હરણ, રબારી, વાંસળી—એકેએક ચીજમાં, સૌંદર્ય હતું. અને દરેકેદરેક ચીજ, બીજાને વધુ સુંદર બનાવી રહી હતી. બીજાને લીધે પોતે પણ સુંદર બની રહી હતી. વિશાળ ખંડમાં ખડકાયેલ હજારો ને લાખોની કીમતી ચીજો જે કૃત્રિમતા ઉત્પન્ન કરે—ખોટા માપને લીધે, જે અસંગત વાતાવરણ ઘડે—એવું કાંઈ જ આંહીં ન મળે. નજર નાખતાં થાકો એટલી લાંબી દિશા—નીલા મેદાનથી ભરેલી, અને એમાં અનેક આકર્ષણો ઠેર ઠેર વેરાયેલાં. દરેકનું વ્યક્તિત્વ જુદું—અને છતાં સમગ્ર અસરમાં હરેકનો ફાળો. કોઈ કોઈ સુંદર રસગીતમાં, સપ્રમાણ વણાઈ ગયેલા શબ્દોની માફક સઘળું કુદરતને અનુરૂપ બની ગયું હતું. શાહ અબ્બાસ આ જોઈને છક્ક થઈ ગયો.

અને એ સઘળાં સ્વરૂપોને જાણે ચેતનથી ભરી દેતો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હોય તેવો, પેલો મોહક બંસીનો સ્વર આવી રહ્યો હતો !

શાહ અબ્બાસ ધીમે પગલે તેની તરફ ગયો. 'આ તું શું કરે છે છોકરા ?' તેણે તેને પૂછ્યું.

પોતાના જ તાનમાં મસ્ત છોકરો વાંસળી વગાડતો જ રહ્યો.

અને જેમ જેમ એ આગળ વધ્યો, તેમ તેમ કુદરત—જાણે આળસ મરડીને બેઠી થતી સ્વપ્નસ્થ સુંદરીની માફક—ચેતનમય બનતી ગઈ. ગાયોએ કાન માંડ્યા; હરણાં, બેઠાં થઈ આ દિશા તરફ ચાલી રહ્યાં; ધીમો મંદ પવન વૃક્ષોને આલિંગી રહ્યો. સારસ બેલડી, હલકે હલકે, એકબીજાને મળવા ચાલી નીકળી. બધે સજીવનતા જાગી.

સરુના પડછાયા હાલતા હતા; ઝરણાંનાં જળ વધારે વેગથી વહેતાં હતાં; પર્વતો પડઘા દઈ રહ્યા હતા; ડુંગરમાળા શબ્દ કરતી હતી. કુદરત જાણે, અંગેઅંગમાં ચેતનમય બની ગઈ.

પોતાના આયુષકાળમાં પહેલી જ વખત આવી પરમ શાંતિ જોઈને શાહ અબ્બાસનું હૃદય આનંદથી ભરપૂર બની ગયું.

તેણે રબારીના છોકરાને પૂછ્યું : 'તને આવી મોહક વાંસળી વગાડતાં શિખવાડી કોણે ?'

છોકરાએ જવાબ વાળ્યો : 'નામદાર ! એમાં શિખવાડવાનું હોતું નથી; શીખવાનું હોય છે. એની મેળે જ એ



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવે છે. વગડો અને વાંસળી—બન્ને અમને માતાએ દૂધમાં આપ્યાં છે!'

'તારી મા શું કરે છે?'

'મારી મા?—એ પણ એ જ; અંધારી રાતે વાતો કહે; અજવાળી રાતે ગીતો.'

'અને દિવસે?'

'દિવસે?—નામદાર! અમારે મન રાતદિવસ જેવું કાંઈ હોતું નથી. અમારું કામ ખૂટે, ત્યારે દિવસ ખૂટે.'

શાહ અબ્બાસને લાગ્યું કે આ છોકરો બડો હોશિયાર છે. એને બરાબર જ્ઞાન આપવામાં આવે, તો એ રાજને અજવાળે.

પછી તો બાદશાહે એને પોતાની પાસે રાખી, ધીમે ધીમે ભણાવી રાજકાજમાં પ્રવીણ કર્યો, અને ઘણું જ વિશ્વાસપાત્ર ગણાતું જામદારખાનું તેને સોંપ્યું.

અલીબેએ પણ, એકનિષ્ઠાથી શાહની સેવા કરી, અને પોતાનું ખજાનચી તરીકેનું કર્તવ્ય બરાબર અદા કર્યું.

*

પરંતુ શાહ અબ્બાસના મરણ પછી અલીબેના ઉત્કર્ષ સામે પ્રચંડ કાવતરું જન્મ્યું. શાહ અબ્બાસના પુત્ર પાસે—નવા બાદશાહ પાસે—ચર્ચા શરૂ થઈ.

લક્ષ્મીની છોળમાં વિવેકબુદ્ધિ ઘણી વખત આવું ને આવું કર્યા જ કરે છે. એણે પોતાના ભક્તોના દિલમાં મદિરા જેવી માદક મોહિની મૂકી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોઈએ કહ્યું : ' નામદાર ! અલીબે સર્વસ્વ લઈ જાય છે ! '

બીજાએ કહ્યું : ' લઈ ગયો છે ! '

ત્રીજો બોલ્યો : ' એ તો બીજાની તકલીફ બચાવે છે ! '

જુવાનીને શબ્દો બહુ ગમે છે; અર્થો ઓછા. શાહ અબ્બાસના પુત્રે પણ કહ્યું : ' અને એક રત્નજડિત શાહી તલવારનો પણ પત્તો નથી. '

' તલવાર હશે; માત્ર રત્નો જ નહિ હોય ! '

—અને અલીબેની જડતી શરૂ થઈ. રત્નજડિત તલવારનાં રત્નો, શાહ અબ્બાસે બીજા કામમાં વાપર્યાં હતાં, એમ નીકળ્યું.

પણ શાહજાદો જુવાન હતો; અવિવેકી હતો.

એવાને હાર્યો દાવ ગમતો જ નથી. એવે વખતે બુદ્ધિ છાની રહે છે, શબ્દો બોલ્યા કરે છે.

' અલીબે ! તમારું જામદારખાનું એક મહિનામાં વ્યવસ્થિત કરી સોંપી દો ! '

કેવળ વગડાનો જ બાળક આપી શકે, એવો જવાબ અલીબેએ આપ્યો : ' નામદાર ! મહિના પછી શા માટે ? અત્યારે જ પાઈએ પાઈનો હિસાબ ચોખ્ખો છે ! '

તપાસ શરૂ થઈ. હરેકેહરેક ચીજ બરાબર હતી. સરદારો નરમ પડયા. બાદશાહ શરમિંદો બન્યો. જામદારખાનામાંથી પાછા ફરતાં, જૂની જેવી એક બંધ કોટડી એની નજરે ચડી.

' અલીબે ! આમાં શું છે ? '

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'નામદાર! એ તો નકામી કોટડી છે!'

રત્નજડિત તલવારની ધૂન મગજ ઉપર સવાર હતી. સૌને શંકા પડી કે તલવાર એમાં જ હશે.

'એ કોટડી ઉઘાડો.'

'નામદાર! એમાં મારી ઘરવખરી છે, બીજું કાંઈ નથી!'

હવે શંકા દૃઢ થઈ. સૌએ કોટડી જોવા આગ્રહ કર્યો.

અલીબેએ ધ્રૂજતે હાથે તાળું ખોલી, કોટડીનું બારણું ઉઘાડી નાખ્યું!

સૌ દિઙ્મૂઢ જેવા બનીને કોટડીમાં જોઈ જ રહ્યા.

ગરીબમાં ગરીબ ઘરમાં હોય એવી એક તૂટેલ ગોદડી, એક બંદગીની તસ્બી, એક વાંસળીનો કકડો, પાણી પીવાનું એક માટલું. આખી કોટડી ગરીબ—સ્વચ્છ—સાદી હતી.

બીજું કાંઈ ન મળે. પવન ખાવાનો પંખો પણ નહિ, એક સારું પાથરણું પણ નહિ.

બાદશાહ આશ્ચર્ય પામ્યો: 'અલીબે! આ શું? તમે આમાં રહો છો?'

'નામદાર! એ મારું રહેવાનું સ્થળ છે. જેણે મને આટલી સત્તા આપી એને સંભારવા માટે આ શાંત સ્થળ છે. એક તસ્બી છે. બાળપણના સંગાથી જેવી પેલી વાંસળી ત્યાં પડી છે, અને રાત્રે સૂવા માટે આ ગોદડી!'

બાદશાહ દિઙ્મૂઢ બની ગયો. અલીબેની કોટડીની ગરીબાઈ એને રત્નજડિત તલવાર કરતાં પણ બહુમૂલ જણાઈ. તેણે ત્વરાથી અલીબેને કહ્યું:

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'હું તમને આ જગા પર કાયમ કરું છું, ને તમારો દરમાયો પણ વધારું છું!'

'નામદાર!' અલીએએ જવાબ વાળ્યો: 'આપની નજર શુદ્ધ બની, એ જ મારે મન ઘણું છે. પણ હું રબારી છું. પેલી મારી બાળપણની સંગાથી વાંસળી, હવે મને ઠપકો આપી રહી છે! એ ઘણા દિવસ મૂંગી રહી. મને તો, ભૂલા પડેલા બાળકને મા બોલાવે તેમ, મારાં જંગલ સાદ કરીને બોલાવી રહ્યાં છે. કહી રહ્યાં છે: 'બેટા! પાછો આવતો રહે, પાછો આવતો રહે! તું અમને ભૂલી ગયો; પણ હજી અમે, તને ભૂલ્યાં નથી,' એટલે હું હવે આજથી આપની રજા માગી લઉં છું!'

તેણે પોતાની તૂટેલ ગોદડી ને જૂની વાંસળી લઈ લીધાં. એક હાથમાં તસ્બી ઉપાડી લીધી. એક હાથમાં માટલું રાખી લીધું. સૌને ડોકું નમાવી, સલામ કરતો ને માફી માગતો તે ત્યાંથી ચાલી નીકળ્યો.

०

બાદશાહી કંઠના હીરાના હારનું ફિક્કું તેજ, જામદાર-ખાનાની દીવાલો ઉપર પથરાતું હતું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# માતૃચરણે



કઈ મહાતૃષાથી પીડિત તું, અલખનો જગાવનારો, નિરંજનને નિહાળનારો, સમાજની વ્યક્તિએ-વ્યક્તિમાં ધર્મ સીંચનારો—કઈ મહાતૃષાથી પિડાઈને—આજે ફરીને—મહારાષ્ટ્રમાં આવી, જન્મભૂમિ તરફ પગલાં માંડી રહ્યો છે?

એવી તે કઈ મહાતૃષા રે અવધૂત! તને પણ જન્મભૂમિ તરફ ખેંચી રહી છે?

એવી તે શી વિશ્વમોહિની નારીના હૃદયમાં ભરી છે કે કાં માતારૂપે—અથવા અર્ધાંગરૂપે—કાં બાળક જેવો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નિરવલંબન બનીને, અથવા પ્રેમી જેવો પાગલ બનીને, ધરતીને ગમે તે છેડે હોય ત્યાંથી, પુરુષ એને પોતાનો અર્ઘ્ય આપવા ચાલી નીકળે છે?

રે જોગી! આજે તને પણ માતાનો ખોળો સાંભરી આવ્યો છે કે શું?

શ્રી રામદાસ સ્વામી, પોતાની જન્મભૂમિ જાંબની મનોહર વનરાજિ જોતાં જોતાં, આજે વર્ષો પછી ઘર તરફ પાછા ફરી રહ્યા છે!

એ જોગીને પણ લગની લાગી છે કે, એક વખત માતા રાણુબાઈના ચરણકમળની રજ મસ્તકે ચડાવી, થોડોક વખત નાનો 'નારાયણ' બની આવું—અને શ્રી રામદાસ સ્વામીનું મહાપદ માતા પાસે ધરી આવું!

આજે એ પોતાનું ગામ છોડી— પોતાને ગામ પાછા ફર્યા છે. તે દિવસે જે નાનો નારાયણ હતો, આજે એ શ્રી રામદાસ સ્વામી છે.

નાના સરખા ગામડાની ઉજ્જડ શેરીઓમાં મહાસમર્થ અવધૂતની અહાલેક સંભળાઈ, 'જય જય શ્રી રઘુવીર સમર્થ!'—અને શેરીએ-શેરીએથી નરનારીનાં વૃંદ ઊભરાયાં. ધરતી જાણે નવા ફાલથી દીપી ઊઠી.

ઘેરઘેર અહાલેક જગાવતો, મહાજોગી એની નાનપણની શેરી તરફ વળ્યો.

અનેક થીંગડાંવાળી, એની ચિરપરિચિત ખડકી હજી એવી ને એવી હતી—ચોવીસ વર્ષ પહેલાં એણે મૂકી હતી—એવી ને એવી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઉઘાડી ખડકી અતિથિ-અભ્યાગતોને નિમંત્રી રહી હતી, અને એ આમંત્રણને સ્વીકારતાં હોય તેમ એક ગાય ને એક કૂતરો--બન્ને ત્યાં ઊભાં હતાં. ઠૂંઠા જેવા ઝાડ ઉપર એક કાગડો બેઠો હતો. તુળસીના કૂંડા પાસે બેઠેલી બિલાડી એને નિહાળવું વ્યર્થ છે એમ ધારી, આંખો મીંચી ગઈ હતી. અને એના એ ઢોંગને જાહેર કરવા, બેત્રણ કાબરો આકાશપાતાળ એક કરી રહી હતી. બાલસૂર્યનાં કિરણમાં, વૃદ્ધ માતા ફળીમાં ખાટલો ઢાળીને બેઠાં હતાં: હાથમાં માળા હતી, મોંમાં રઘુવીરનું નામ હતું.

—અને એટલામાં દિશાએ-દિશા ભરી દેતો, જોગીનો અહાલેક સંભળાયો: 'જય જય શ્રી રઘુવીર સમર્થ!'

માતા રાણુબાઈના હૃદયમાં, આજન્મસિદ્ધ જોગીના એ અવાજમાં—બાળક જેવો—જરાક પોતાના નારાયણના અવાજ જેવો અવાજ હોય, એવો આભાસ થયો—પણ આજે વર્ષો પછી એ ક્યાંથી હોય? જેને માટે રડીરડીને આંખો ગુમાવી હતી એ નારાયણ—આંહીં ક્યાંથી હોય?

અંધ માતાએ વહુને કહ્યું: 'જોગીરાજને ભિક્ષા આપો!'

'—આજ તો મા! ચપટી ભિક્ષાથી, મારું જોગીનું પાત્ર નહિ ભરાય. એવી ભિક્ષા આપો—તમારા અક્ષયપાત્ર-માંથી—મા! કે ઘેરઘેર કણકણ વેરતો જાઉં, ને ઘેરઘેર દીવો પ્રગટાવતો જાઉં!'

અંધમાતા રાણુબાઈ સાંભળી રહ્યાં. અવાજમાંથી બાર વર્ષના નારાયણની મૂર્તિ જાણે ઊભી થતી લાગી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'આજનો ભિક્ષુ, મા! ભિક્ષા લઈને જાય એવો નથી!'

માતા રાણુબાઈના કંઠમાંથી ગદ્ગદ અવાજ નીકળી પડ્યો.

'અરે! આ તો મારો નારાયણ!'

અને જાણે એક પણ દિવસ પચો નથી, એમ ધારીને મા પોતાના બાર વર્ષના નારાયણને હાથમાં ઉપાડી લેવા આગળ વધ્યાં.

પણ મહાજોગંદરની, કાશી, અયોધ્યા, હરદ્વાર, હિમાલય—સર્વ સ્થળની પવિત્ર ધૂલીથી ખરડાયેલી જટા હાથમાં આવી. કેશાવલિથી શોભિત મસ્તકે અને મોંના સ્પર્શે માતાને પહેલવહેલાં ભાનમાં આણ્યાં કે આ નાનો બાર વર્ષનો નારાયણ ન હોય—આ તો એના ઉપર બીજાં ચોવીસ વર્ષ વીતી ગયાં!

'બેટા! નારાયણ! બહુ મોટો થઈ ગયો? માડી! અમને મૂકીને આમ જવાય કે?'

અને મહાસમર્થ જોગીની આંખનાં આંસુ માતાના ચરણ પાસે પડવા લાગ્યાં!

શ્રી રામદાસ સ્વામીનું મહાન પદ, જાણે 'બેટા નારાયણ!' પાસે તુચ્છ હોય—કુછ વિસાતમાં ન હોય—તેમ, જોગીંદર, માતાની છાયામાં નત મસ્તકે ઊભા રહી ગયા—'બેટા નારાયણ!' એ શબ્દનું શ્રવણ કરવામાં તલ્લીન બની ગયા.

'નારાયણ બેટા! તું કેવોક મોટો લાગે છે? હું તને જોઈ શકી હોત!



Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'બેટા નારાયણ!'

એક ઘડીભરમાં આખું કુટુંબ ભેગું થવાથી, મહા આનંદી સ્વરો વડે એ નાનું ફળી ગાજી રહ્યું: તે દિવસ ને તે પછી ઘણા દિવસ.

o

જેવી બાર વર્ષના નારાયણને ઘડી આવી હતી તેવી જ ઘડી—વિયોગની—જોગંદર રામદાસ સ્વામીને પાછી આવી.

'મા! હવે રજા આપો—માતા ગોદાવરી બોલાવી રહી છે!'

રાણુબાઈએ સજળ નેને રજા આપી. પણ એક વાત માગી લીધી. 'એક વખત—જ્યારે સ્મરણ કરું ત્યારે—નારાયણ! તારે પાછું આવવાનું.'

'આવીશ, મા! જરૂર એક વખત આવીશ, મારું જોગીનું અખેપાત્ર, અનેક માતાઓએ પ્રેમથી છલોછલ ભરેલું છે, એની કણ કણ જનગણમાં વેરતો વેરતો, કોઈક વખત પાછો એ ભરવા તમારે આંગણે જરૂર ચાલ્યો આવીશ, મા!'

–અને એ પોતાનો જોગ સંભાળવા ચાલી નીકળ્યો.

o

રે! નારી! તું બડભાગી છે, તું બડભાગી છે. તેં પામરમાંથી પુરુષો સર્જ્યા: પુરુષોમાંથી પુરુષોત્તમો. અને તારા ચરણની રજકણ લેવા મોટા મોટા જોગીંદરો ને જ્ઞાનીઓ ફરી ફરીને બાળક બન્યા! રે નારી! તું ધન્ય છે! તને ધન્ય છે!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# રાજલક્ષ્મી



કોણ એ અભાગી નારી, આવે સમયે, પોતાના દેહને ચીંથરે જેવોતેવો ઢાંકી, રાજમહેલમાંથી નીકળી 'પુણ્યવંતા નરનારીઓ! મને ભિખારણને, તમારા ભર્યા ભંડારમાંથી, મુઠ્ઠી અનાજ આપજો—લજ્જા ઢાંકવા એકાદ ચીંથરું ફેંકજો.' એમ કહેતી કહેતી, વનને જગવતી ચાલી જાય છે?

કોણ એ નારી રાજમહેલ તજીને, આવી અંધારઘેરી રાતે એકલી જંગલમાં પડી રહી છે?

એ કોણ છે, જે ભયાનક માર્ગે, ઘેરા વિષાદભરેલા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આર્ત્તનાદે, મૂંગા તારા અને મૂંગાં વન, મૂંગા પહાડ અને મૂક દુનિયા—સઘળાંને જગાડી રહી છે?

કોના હૃદયમાં આવી હજારો વિષધરોની વેદના સળગી ઊઠી છે? માનવીનું બાળક બહાર પગ ન મૂકે એવી બિહામણી રાત્ર, વનકેડીને માર્ગે 'મને ભિખારણને મુઠ્ઠી અનાજ આપજો ભાગ્યવંત નરનારીઓ!' એવો દુઃખનો પોકાર કરતી એ કોણ ચાલી નીકળી છે?'

એ નારી બીજી કોઈ નથી, એ તો મહાન પેશ્વા બાજીરાવની પુત્રવધૂ. પેશ્વા માધવરાવની મા.

નારાયણરાવ પેશ્વાની જનેતા—ગોપિકાબાઈ!

આજે એ અભાગી નારી, પોતાના ગંગાપુરનો સુંદર મહેલ તજીને—શ્રી રઘુવીર ચરણાંકિત પંચવટી ઉપર મીટ માંડી રહી છે. જ્યાં જ્યાં વૈભવ હોય ત્યાં ત્યાં એને વિષધરોની ઝેરજવાળા દેખાય છે.

એ આજે ચિત્તની શાંતિ શોધવા નીકળી છે! એ આજે કોઈની ચરણરજ વડે મનનું સમાધાન કરવા નીકળી છે. એનું અંતર એને અંદરથી કોરી રહ્યું છે. એના અંતઃકરણમાં હજારો અવાજ જેવો એક જ શબ્દ બોલાઈ રહ્યો છે: 'અરે! નારાયણરાવ! બેટા! તું પણ ન રહ્યો?'

—એણે સ્વીકારેલા ક્ષાત્રધર્મે, એની પાસે આજ દિવસ સુધી લોઢા જેવું અંતર માગ્યું હતું. પાણીપતની ત્રીજી લડાઈમાં, જ્યારે મોટો પુત્ર વિશ્વાસરાવ વીરમૃત્યુ પામ્યો ત્યારે વીરાંગનાની માફક, એ ઘા એણે છાતીમાં સમાવી દીધો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

માધવરાવની મહત્તાએ, એનું માતૃહૃદય ફરીને ખીલી ઊઠ્યું.

અઠ્ઠાવીસ વર્ષની ભર જોબન વયે, મહારાષ્ટ્રને અને માને રડાવીને એ ગયો.

પછી નારાયણરાવ ઉપર ગોપિકાબાઈનું ચિત્ત હતું: ‘એ પણ મારો જ દીકરો છે નાં? એ પણ રણહાક વગાડશે!’ પણ નારાયણરાવનું ખૂન થયું—ત્રણ ત્રણ વીર પુત્રોને હોમ્યા પછી, હવે આજે ગોપિકાબાઈનું હૃદય દ્રવી ગયું!

એને લાગ્યું કે હવે વિષાદનું પ્યાલું, છલોછલ ભરાઈ ગયું છે. હવે એમાં એક બિંદુ પણ સમાય તેમ નથી.

એના અંતરમાં દ્રોણનો શસ્ત્રસંન્યાસ ઊગી નીકળ્યો. રાજલક્ષ્મીની વિષવલ્લરી પ્રત્યે એના દિલમાં ખિન્નતા ઉદ્‌ભવી.

—અને એ ગંગાપુરનો મહેલ તજીને ચાલી નીકળી. અરધી રાતે, અંધારઘેરા માર્ગે, એને પંચવટી બોલાવી રહી હતી. ભિક્ષાન્નમાં એને શાંતિ દેખાતી હતી.

o

મૈયા ગોદાવરીનાં જળ હજી થંભેલાં છે. પંચવટીની ભૂમિ પણ એવી જ શાંત છે. વનવગડાનાં પંખી હજી વિરામ લે છે. સૂરજનો આછો ઉજાસ હજી આવ્યો નથી, ત્યાં લોકને મહાનિદ્રામાંથી જગાડતી કોઈ ભિક્ષુણીનો શબ્દ કાને પડ્યો: ‘રે! ભાગ્યવંતાં નરનારીઓ! મને મુઠ્ઠી અનાજ આપજો કે એક ચીથરું દેહ ઢાંકવા ફેંકજો!’

નરનારીનાં વૃંદ ઘેર ઘેરથી, આ અજબ જેવી વાણી સાંભળીને નીકળી આવ્યાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કોઈ કાંઈ આપવા દોડે છે, કોઈ કાંઈ પાસે ધરે છે, કોઈ રાજમાતાને જોઈને રડતાં રડતાં, એને ચરણે અનાજ–વસ્ત્રો મૂકવા માંડે છે.

પણ એ અજબ જેવી ભિખ્ખુણી તો, ઘેર ઘેર મુઠ્ઠી અનાજની ભિક્ષા લેવા પોતાની ઝોળી ફેરવવા માંડી: 'રે ભાગ્યવંત નરનારીઓ! મારી ઝોળીમાં મુઠ્ઠી અનાજ આપજો!'

—અને એ શોકાર્ત્ત હૃદયમાં પણ એક ઊંડું ઊંડું આશ્વાસન બેઠું છે.

ભિખ્ખુણી ઘેર ઘેર ફરીને અનાજ માગતી જાય છે અને એના અંતરમાં એક મૂક વિચાર જન્મતો જાય છે:

'—મારી આ સર્વ યાતના, નારાયણરાવના બાળપુત્રના કલ્યાણ માટે હો, હે અશરણશરણ! હે રઘુવીર સમર્થ! મને એમાંથી લેશ પણ ફળ ન મળો, લેશ પણ પુણ્ય ન મળો!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# કવિતાનો જન્મ



રે દેવી કવિતા ! તારો જન્મ આવો વિરોધલક્ષી કેમ છે ? કાં તું માતાના હૃદયમાંથી વહે અથવા નિર્ભયના અંતરાત્મામાંથી જન્મે, કાં પ્રેમ વાત્સલ્યમાંથી પ્રગટે અથવા ખાંડાની ધાર જેવા વજ્રહૃદયમાંથી ઉદ્ભવે. માતા સરસ્વતીના કંઠાભરણમાં આવો વિરોધ શોભે કે ?

તે દિવસે ચારણ દુરસા આઢાના અંતરમાં મેઘભરેલા આકાશમાં વીજળી ઝબકે તેમ, તું ઝબકી ઊઠી. એ બુલંદ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અવાજનો પડઘો—એ તો દિલ્હીના કોટકાંગરા હજી દયા કરતા હશે.

એ નિર્ભયતા—વીર પ્રતાપની તલવાર સિવાય બીજે તો, એ જમાનામાં પણ ન મળે.

શાહાનશાહ અકબરનો દરબાર ભરાયો હતો. મહાન સરદારો હાજર હતા, મહાપંડિતો હતા. ત્યાં કવિઓ હતાં. રાજાઓ તો સામે જ હતા. એ જમાનાના બીજા પણ મહાપુરુષો ત્યાં બેઠા હતા. દરબારી ઠાઠમાઠ હતો.

એવામાં એક સંદેશો આવ્યો : 'રાણા પ્રતાપનું મરણ થયું છે!'

સભા આખી સ્તબ્ધ બની ગઈ. અજિત ગણાતો દુશ્મન પડ્યો, એમ ઘણાને લાગ્યું. આનંદનો પ્રસંગ માની, કોઈ કોઈના ચહેરા ઉપર સ્મિત પણ ફરક્યું. એકાદ-બે સરદારો જરાક ખિન્ન થવા લાગ્યા, પણ જરાક જ.

પરંતુ આ શું?—શાહાનશાહ અકબર પોતે તો, આ સમાચાર સાંભળીને, જાણે તદ્દન ઉદાસ બની ગયા હતા. એ શું? પ્રસંગ તો આનંદનો હતો. એક દુશ્મન મરણ પામ્યો હતો. તો આ ઉદાસી શાની?

શું એમના અંતરમાં રાણા પ્રતાપની સાથે મળવાની તક ગયાનો અફસોસ હશે?

કે એને પોતે મેળવી શકવામાં નિષ્ફળ ગયા, એની ખિન્નતા આવી ગઈ હશે?

કે પછી પોતે એને સામે મોંએ હંફાવ્યો હોત તો જે વિજયશ્રી મળત તે ગયાનો અફસોસ હશે?

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાદશાહની મુખમુદ્રાનો અભ્યાસ કરનારા સૌ, એ ખિન્નતાનો અર્થ શોધી, એ પ્રમાણે વર્તન કરવાની ચિંતામાં પડ્યા હતા. ત્યાં મેઘમાળમાંથી ગર્જના થાય એવો, ચારણ દુરસા આઢાનો બુલંદ અવાજ એક બાજુથી આવ્યો :

'અસ લેગો અણદાગ, પાઘ લેગો અણનામી,
ગૌ આડા ગવડાય, જોકો બહતો ધુર વામી.'

'જીતી ગયો, બાપ, રાણો જંગ જીતી ગયો—અજિત રહીને મર્યો ! નિષ્કલંક ઘોડેસવારી કરી ગયો—અણનામી પાઘ લઈ ગયો !

'ખમ્મા, પૃથ્વીનાથ ! આપે ઘણાને જીત્યા. એ આપને જીતી ગયો.'

બાદશાહી કોપનો ભોગ ચારણ બનશે, એમ ધારીને સૌ ધ્રૂજતા હતા, તેટલામાં પાછો એ જ નીડર અવાજ સંભળાયો:

'નવરોજે નહ ગયો, ન ગૌ આતસાં નવલ્લી,
ન ગૌ ઝરોખાં હેઠ, જેઠ દુનિયાણ દહલ્લી.'

'દર્શન કરવા ઝરુખા નીચે પૃથ્વીનાથ ! એક રાણો પ્રતાપ ન આવ્યો, તે ન જ આવ્યો. ન નમ્યો, તે ન જ નમ્યો.

'ગહતોલ રાણ જીતી ગયો, દસણ મૂદ રસણા ડસી;

એટલે જ પૃથ્વીનાથ !

નીસાસ મૂક ભરિયા નયણ, તો મૃત શાહ પ્રતાપસી.'

ચારણ દુરસા આઢાની નીડરતા જગજાહેર હતી. પણ બરાબર આવે સમયે—જે વખતે બહાદુરમાં બહાદુર પુરુષ પણ, બાદશાહી મનોવૃત્તિનો વિચાર કરવા થોભે—તે વખતે, એવા વીર પ્રતાપનું મરણ, દુહા–સોરઠા વિના પસાર થઈ જાય,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તો તો આખું રાજસ્થાન લાજે—અકબરનો દરબાર હોય તો પણ શું? રાણા પ્રતાપને અંજલિ આપવાનો કવિધર્મ ચુકાય નહિ—એમ ધારીને, નીડર ચારણે બુલંદ બાનીમાં પ્રતાપનું વીરત્વ અને અકબરની મનોદશા બન્ને વર્ણવ્યાં :

'ગહતોલ રાણ જીતી ગયો, દસણ મૂંદ રસણા ડસી,
નીસાસ મૂક ભરિયા નયણ, તો મૃત શાહ પ્રતાપસી.'

સાંભળી સઘળા સ્તબ્ધ બની ગયા, અને બાદશાહી કોપનું પરિણામ કલ્પી જરાક ખિન્ન પણ થયા.

'ખમ્મા! પૃથ્વીનાથ! ખમ્મા! રાણો તો અમર થઈ ગયો. જંગ જીતી ગયો. અણનમ રહી ગયો. એ વિચારે ખિન્ન થયા છો, પણ હે શાહ! પ્રતાપ તો પ્રતાપ જ હતો. એવા અજેય રહેવા માટે જ જન્મ્યા હોય છે.'

અકબરશાહે શાંત રીતે જવાબ વાળ્યો : 'ખૂબ કીધી, કવિરાજ! ખૂબ કરી. જે મારા મનમાં હતું તે જ તમે ભાખ્યું. રાણાજી અજિત રહી ગયા.'

અને ત્યારપછી, જ્યારે કવિવાણીએ સ્વતંત્રતા દાખવી ત્યાર પછી, આખી સભામાં, રાણા પ્રતાપની વીરચર્ચા શરૂ થઈ.

રે કવિતાદેવી! તું આવી નીડરતાને વરે, એના કરતાં તને જ અમે દેશવટો આપીએ તો?

આડા=યશ. આતસા=બાદશાહી તંબુ. દસણ મૂંદ રસણા ડસી=દાંતની વચ્ચે જીભ દબાવી નિઃશ્વાસભરી હે, પ્રતાપ! તારા મૃત્યુ વખતે બાદશાહે આંસુ પાડયાં, કારણ કે–તું અસલેગો અણ-દાગ–પાઘલેગો અણનામી, તારા અશ્વને દાગ ન થયો. તારો પાઘ કોઈને નમ્યો નહિ. તું ઝરુખા હેઠે આવ્યો નહિ વગેરે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# શ્રેષ્ઠ ભિક્ષાન્ન !



'ભગવાન તથાગતના નામે, નગરનાં ઓ નરનારીઓ ! ભગવાન તથાગતના નામે, ભિક્ષા આપશો કે ?'

શેરીએ શેરીએ, શાંતેન્દ્રિય મહાકાત્યાયનનો, રાગ–વિરાગથી પર, સરોવરના જલતરંગ જેવો મધુર અવાજ સંભળાય છે : 'નગરનાં ઓ નરનારીઓ ! મહાભિખ્ખુને નામે ભિક્ષા આપશો કે ?'

આશ્ચર્ય, મહા આશ્ચર્ય ! અવંતિદેશના રાજા ચંડપ્રદ્યોતના પુરોહિતના નામે, ધનધાન્યના ઢગલા નગરવાસીઓએ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ચરણે ધર્યા હોત. આજે એ જ પુરોહિત, ભગવાન તથાગતના નામે, એક નાના નગરમાં, શેરીએ શેરીએ ભિક્ષા માગે છે, પણ શૂન્ય શેરીઓના એકે બંધ દ્વારમાંથી નાનું શિશુ પણ બહાર ફરકતું નથી!

ઉજ્જડ રસ્તા પર ભિખ્ખુનો ભોંઠો પડેલો અવાજ સૂતેલી શેરીઓને જગાડવા, અને સૂતેલાં હૃદયોને ઢંઢોળવા, ફરી ફરીને આવી રહ્યો છે: 'નગરનાં....ઓ નરનારીઓ! ....ભિક્ષા આપશો કે?'

જેને કાંઈ પ્રિય નથી, જેને કાંઈ અપ્રિય નથી, એવા પરમત્યાગી મહાકાત્યાયન, ભિક્ષુઓ સાથે શહેરની બહાર જવા ચાલી નીકળ્યા. ભિક્ષાન્ન પ્રદાન કરવાની નાગરિકોને ઇચ્છા ન હતી; તો લેવાની, ભગવાન તથાગતના શિષ્યોને, ન હતી. શેરી શેરી જગવતા ભિખ્ખુઓના સ્વરના શાંત પડઘા આકાશમાં પ્રસરી જવા લાગ્યા.

—પણ આ કોણ સાદ દઈને બોલાવી રહ્યું છે? કોણ કહી રહ્યું છે? 'મારા દેવ! મારા પ્રભુ! મુજ દીનની, મુજ હીનની રંક ભેટ સ્વીકારવા પધારશો?' કોણ એમ પ્રાર્થના કરી રહ્યું છે?

એ તો આ ધનવાન શહેરની એક રંક કન્યા છે. અનાથ છે. એને નથી મા, નથી બાપ. ભિખ્ખુઓને એ પ્રાર્થી રહી છે: 'પ્રભુ! મારી રંકની આટલી કંગાલ ભેટ સ્વીકારશો કે?'

અને જેને માન જોઈતું નથી, અપમાન જેને અસર

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરતું નથી, એવા મહાકાત્યાયનનો સાત ભિખ્ખુઓનો સંઘ, શાંત અને પ્રસન્ન મુદ્રાથી, રંકથી પણ રંક સુકેશાના દ્વાર ઉપર આવીને ઊભો રહ્યો !

આમંત્રિત ભિખ્ખુઓને આસન ઉપર બેસારી સુકેશા ઘરમાં ગઈ, પણ આમંત્રિત ભિખ્ખુઓને ભિક્ષાન્ન આપવાની એના રંક ઘરમાં શી સમૃદ્ધિ હતી ? 'ભગવાન તથાગતના નામે' એ મધુર સ્વરે, એને જાગ્રત કરી હતી. અને એ જ સ્વરે એને ઉત્સાહ આપ્યો હતો. એની પાસે આપવાનું હતું શું ? કાંઈ જ નહિ ! પણ રાજકન્યાઓને પણ ઈર્ષા થાય એવા સુંદર કેશ એને ન હતા ? ભગવાન બુદ્ધનું અંતરમાં ધ્યાન ધરીને, કેવળ સુંદર કેશ ઉપર જ આધાર રાખીને, પોતાના ગામને અપયશમાંથી બચાવવા માટે, તેણે ભિક્ષુઓને ઘેર આમંત્ર્યા હતા. ત્યાર પછી થોડી વારે વીજળી જેવી ઝડપથી એક હાથે હૃદય સાચવતી, ને બીજે હાથે સુકેશાના મણિમુક્તા આપતાં પણ ન મળે એવા, રેશમના સુંદર તંતુ જેવા કેશ જાળવતી, એક દાસી બહાર દોડી ગઈ.

પોતાનાં ખાલી પાત્રો સામે નજર રાખીને શાંત મુદ્રાથી ભિખ્ખુઓ બેઠા છે. મહાકાત્યાયનના તરંગરહિત સરોવરના નિર્મળ જળ અંતઃકરણમાં પણ સ્વર ઊઠયા છે. 'ઓહો ! આવા ગરીબ ઘરમાં આવું લક્ષ્મી જેવું હૃદય રહે છે ! ધન્ય છે આ ગરીબને–આ ગરીબીને, અને એ હૃદયને !'

—અને નાગેન્દ્રના સમો લાંબો સુંદર કેશકલાપ વેચવા મોકલી દીધા પછી, રંક સુકેશા ઘરના એક અંધાર ખૂણામાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બેસીને બોલી રહી છે: ‘હે પ્રભુ! મારા કેશને સો કાર્ષાપણ આપીને ખરીદ કરવા ઇચ્છનારી શ્રેષ્ઠીકન્યાને મેં તે દિવસે કેશ આપવા ના પાડી હતી. આજે એના હૃદયમાં એ વાતનો ક્રોધ મા વસજો, મારા નાથ! દાસી પાસેથી કેશ વેચાતા લેવાની એની વૃત્તિ કાયમ હોજો કે જેથી હું રંક, દીન, હીન, જીવનની ક્યારેક મળતી, આ એક અણમોલ પળને, મણિમુક્તાની પેઠે મારા અંતરમાં સાચવી મૂકું, મારા પ્રભુ!’

થોડી વાર પછી દાસી પાછી આવી. અને આઠ કાર્ષાપણ સુકેશાના હાથમાં આપ્યા: ‘હવે શ્રેષ્ઠીકન્યા ના પાડે છે, સો કાર્ષાપણ આપવાની,’ તેણે કહ્યું, ‘એણે આઠ કાર્ષાપણ આપ્યા છે!’

સુકેશાના નયનમાંથી આનંદનાં આંસુ વહી રહ્યાં; ‘મારા દેવ! તેં મારી લાજ રાખી!’

પછી એક એક કાર્ષાપણનું એક એક ભિક્ષાન્ન તૈયાર કરી પરમ પ્રેમથી—નત મસ્તકે—ભિખ્ખુઓને દાન કરવા દાસી બહાર આવી.

મહાકાત્યાયને શાંત સ્વરે પૂછ્યું:

‘બહેન! શેઠ-કન્યા શું ઘરમાં નથી?’

‘છે ભગવાન!’

‘આ ભિક્ષાન્ન—ભગવાન તથાગતને નામે ધરાયેલાં પ્રદાનોમાં શ્રેષ્ઠ પ્રદાન જેવું—તારી શેઠ-કન્યાના પવિત્ર હાથે ધરાવું ઘટે છે!’

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

—અને તરત આનંદનાં આંસુથી ખરડાયેલું, રંકમાં રંક વસ્ત્રમાં ઢંકાયેલું, કેશકલાપ વિનાનું, દીન અને શાંત, સુકેશાનું શરીર બહાર આવીને ભિખ્ખુના ચરણુ પાસે નમી પડ્યું: 'મારા પ્રભુ! મારી રંકની આટલી ભિક્ષા સ્વીકારો!'

'જય હો! ભિખ્ખુઓ! આ મહામૂલ્યવાન શ્રેષ્ઠ ભિક્ષાન્ન તથાગતને નામે આપનારનો!'

'જય હો રાષ્ટ્રલક્ષ્મીનો! શ્રેષ્ઠ પ્રદાનનો—સર્વોચ્ચ ભિક્ષાન્નનો!'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# ચિત્ર બોલ્યું !



એ વખતે દક્ષિણમાં બાજીરાવ પેશ્વાના નામના પડઘા સહ્યાદ્રિની ડુંગરમાળમાંથી ઊઠતા હતા. ઠેર ઠેર એનું નામ લોકજીભે ચડી ગયું હતું. હિંદનો એ એક વખત સ્વામી થશે, એ સ્પષ્ટ જણાતું હતું. એની સામે ટકવામાં એક જ સૂબેદાર હતો, નિઝામ-ઉલ્-મુલ્ક.

એ વખતે દિલ્હીની ગાદી ઉપર મહમ્મદશાહ હતો. બાજીરાવની આટલી બધી કીર્તિ સાંભળીને, તેણે પોતાના એક ચિત્રકારને દક્ષિણમાં મોકલ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

બાજીરાવની આબેહૂબ છબી ચીતરી લાવવાની એને આજ્ઞા કરી.

પણ પેશ્વાના દરબારમાં જઈને ચિત્ર લેવું, એ કામ તો ઘણું મુશ્કેલ હતું. એટલે ચિત્રકાર એની સવારીમાં એની પાછળ પાછળ ફરતો રહેતો. એને એક એવી સાચી છબી પકડવી હતી, જે બાજીરાવમાં રહેલા બાજીરાવને દેખાડે !

એણે ફરતાં ફરતાં એક દૃશ્ય જોયું. એને લાગ્યું કે મહારાષ્ટ્રની જીતનું અને જીવનનું, એ સાચું પ્રતીક છે. એ જ દૃશ્ય એણે મનમાં ઉતાર્યું, ને તક જોઈને બાજીરાવની છબી પણ ચીતરી.

પછી તે પાછો દિલ્હી ગયો.

દિલ્હીમાં તો રંગીલો બાદશાહ મહમ્મદશાહ હતો. એને એમ કલ્પના હતી કે આખા દક્ષિણને ધ્રુજાવનાર આ માણસ તો કોણ જાણે કેવો હશે ?

એને એમ કે, એ વજ્જરદેહનો આદમી એટલો ઊંચો, બળવાન, કદાવર ને જબરજસ્ત હશે, કે મોટો બળવાનમાં બળવાન મલ્લ પણ એની પાસે પાણી ભરે !

વળી એનો ભભકો પણ ઓર હશે. સોનારૂપાની થાળી વિના એ જમતો નહિ હોય. એનું સિંહાસન પણ કોણ જાણે કેવું મૂલ્યવાન હશે.

પણ ચિત્રકારે ચિત્ર રજૂ કર્યું અને એ ચિત્ર જોતાં જ એની કલ્પના મરી ગઈ !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'અરે!' એ બોલી ઊઠયો : 'આ માણસ ત્યાંનો રાજા છે?'

ચિત્રકારે હા પાડવા માટે ડોકું ધુણાવ્યું.

મહમ્મદશાહે ફરીને ચિત્ર સામે જોયું. ચિત્રમાં પાતળા, ચપળ, તેજસ્વી ઘોડા ઉપર, એક રૂપાળો સવાર જઈ રહ્યો હતો. એનો ચહેરો ગોરો અને પાતળો હતો. એની આંખમાં જાણે પ્રીતની ગઝલ છુપાઈ રહી હતી. પણ એની ઘોડા ઉપર બેસવાની સીધી, અક્કડ, અણનમ ઢબ, જાણે જાહેર કરતી હતી કે આ માણસ રણમાં ચડે, ત્યારે પ્રીતની બધી જ ગઝલો ભૂલી જાય, એવી અજબ શક્તિ ધરાવતો હોવો જોઈએ.

મહમ્મદશાહ જોઈ રહ્યો. ચિત્ર સજીવન હતું. બાજી રાવને ચિત્રકારે ઘોડા ઉપર જતો ચીતર્યો હતો. આસપાસ ચારે તરફ ખેતરો હતાં. મોલની વચ્ચે ઘોડો ચાલી રહ્યો હતો. એના ખભા ઉપર એક મોટો ભાલો વગર ટેકે સ્થિર પડયો હતો. ઘોડાની લગામ ડોક ઉપર મૂકી દીધી હતી. ઘોડા ઉપર બેઠો બેઠો એ બે હાથે હથેળીમાં કાંઈક ચોળતો જતો હતો!

મહમ્મશાહે કહ્યું : 'પણ આ બે હાથે ચોળતો શું જાય છે? પાન–ચૂનો છે?'

'જહાંપનાહ! આ મરાઠા રાજાની ગાદી ગણો, સિંહાસન ગણો, રાજધાની ગણો, જે ગણો તે, ઘોડાની પીઠ ઉપર છે. ને એનું રસોડું ગણો, ભોજન ગણો ને સોના-રૂપાનો થાળ ગણો, એ આ બે હાથે ચોળાઈને ફકાતો જુવારનો પોંખ છે!

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'જહાંપનાહ ! એ ઘણી વખત ભોજન પણ આમ જ પતાવી લે છે !'

'હું ? જુવારના દાણા ? હથેળીમાં ચોળીને એ ખાતો જાય છે ?'

'હા, નામવર !'

'તો તો એ કોઈ જીવસટોસટનો ખેલાડી છે. નિઝામ-ઉલ્-મુલ્કને લખી નાખો, આની સાથે જલદી સંધિ કરી લે. આમાં હવે કોઈ રાજા નથી. આ તો આંધળીદોટના લડવૈયા છે. રાજા-બાદશાહનાં આ કામ નહિ. લખી નાખો, આની સાથે જલદી સંધિ કરી નાખે !'

બાજીરાવના ચિત્રે એક પણ શબ્દ બોલ્યા વિના બાદશાહ મહમ્મદશાહને બાજીરાવની આખી વાત કહી દીધી હતી ! મહમ્મદશાહે કોઈ ભભકાભરેલો રાજા જોવાની આશા રાખી હતી, જ્યારે આંહીં તો ગમે તે જોખમે લડવા નીકળેલો એક વીર યોદ્ધો હતો !

o

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# શિષ્યની પિછાન !



અંધારઘેરા જંગલમાંથી જોગી સાધુ હરિદાસજીની સવારી ચાલી જાય છે. સાથે શિષ્યોનું વૃંદ છે. પાસેના ડુંગરાઓ હરિનામના ઘોષના પડઘા પાડતા આવે છે. હરિ-રસની મસ્તીમાં આખી ટોળી તરબોળ છે.

અચાનક જ કેડી ઉપર આગળ ચાલતી ટોળી થંભી ગઈ.

પાછળ પણ બધા થંભી ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'શું છે?' પૃચ્છા શરૂ થઈ. આગળથી અવાજ આવ્યો: 'હમણાં બોલો મા. સાંભળો તો!'

સ્મશાનસમી શાંતિ વ્યાપી ગઈ.

પડખેથી કોઈ શાર્દૂલની હોય એવી ભયંકર ત્રાડ સંભળાઈ. સૌનાં હાજાં ગગડી ગયાં. એક ઘડીભર તો શું કરવું તે સૂઝ્યું નહિ. આગલી ટોળીનાં માણસો પાછાં હઠી ગયાં.

'શું છે?' ગુરુદેવ હરિદાસજીએ પૂછ્યું: 'કેમ અટકી પડયા?'

'વાઘ લાગે છે, ગુરુદેવ!'

'કાંઈ ફિકર નહિ, આગે બઢો!'

'પણ આ તો આંહીં પાસે જ ગરજતો લાગે છે. આગળ શી રીતે વધાય? રસ્તો રોકીને બેઠો જણાય છે!'

ગુરુદેવે ફરીને પણ એ જ કહ્યું: 'કાંઈ ફિકર નહિ. આગે બઢો!'

ગુરુદેવની આજ્ઞાનું ઉલ્લંઘન તો થાય નહિ. બધા સમસમી ગયા પણ હાથે કરીને વાઘના મોંમાં જવાનું મન કોને થાય?

જરા જરા ગણગણાટ શરૂ થયો. ધીમે ધીમે આગળ વધવાની હિંમત ભેગી કરવા લાગ્યા, પણ ત્યાં તો ફરીને ગાત્રેગાત્ર ધ્રુજાવી નાખે એવી જબ્બર ગર્જના આવી.

'ગુરુદેવ! જુઓ, આ ગર્જના. આપણા રસ્તામાં જ બેઠો લાગે છે. આગળ વધીએ કે પાછા હઠીએ? અંધારામાં ક્યાં ભરાણો છે તે કળાય તેવું નથી.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'બચ્ચાઓ! આગે બઢો. પીછે હઠનેકી બાત મત કરો. આગે બઢો!'

હવે તો આજ્ઞા સ્પષ્ટ જ હતી. અને આ આજ્ઞાનો અર્થ પણ સ્પષ્ટ જ હતો. મોતની ખીણમાં પડો!

આગળ વધ્યા ને ગર્જના પણ ફરીને સંભળાઈ.

અચનાક જ એક વૃક્ષ પાસે આવતા ગુરુએ આજ્ઞા કરી.

'અબ ઠેરો. ઉસ પેડ ઉપર કોઈ લડકા માલૂમ પડતા હય. ઉસકો યહાં લાવો. વાઘ કા અવાજ વો હી, દે રહા થા.'

બધાના આશ્ચર્યનો પાર ન રહ્યો. વાઘના, કાળજાં ફાડી નાખે એવા ભયંકર અવાજમાંથી, ગુરુએ માણસનો સ્પષ્ટ અવાજ કેમ શોધી કાઢયો, એ એક કોયડો થઈ ગયો.

પણ એટલામાં તો ગુરુએ વધુ સ્પષ્ટતા કરી: 'યે અવાજ ભવિષ્યકા કોઈ મહાન ગવૈયા કી આગાહી દે રહા હય. યે મહાન ગવૈયા કુ નીચે લાઓ........'

એ મહાન ગવૈયો બીજો કોઈ નહિ, તાનસેન નામથી પાછળથી પ્રસિદ્ધ થયો, તે જ એ હતો. જુવાનીના થોડા દિવસોમાં જ્યારે એ રખડપાટે ચડી ગયો હતો, ને જાનવરનાં ગળાંને આબેહૂબ પોતાનું ગળું આપવા મંડયો હતો, તે વખતની આ એક ઘટના છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# હીરાકણી !



શિવાજી મહારાજે રાયગઢનો કિલ્લો બંધાવ્યો. એમાં જરા પણ છિદ્ર ન રહે માટે આકરી કસોટી કરી. કોઈ પણ ચોરવાટ રહી ન જાય માટે, રાતદિવસ કામ ચાલતું હતું. સૌને ખાતરી થઈ કે હવે કિલ્લો અભેદ્ય થઈ ગયો છે, અને અંતે કિલ્લો પૂરો થયો. એની અભેદ્યતાનાં વખાણ થવા માંડ્યાં. પણ મહારાજે કહ્યું, 'એમ નહિ, આપણે એક ઢંઢેરો પિટાવો: એમાં જાહેર કરો: "જે કોઈ દરવાજા વિના બીજે માર્ગેથી, આ કિલ્લાની અંદર આવે, તેને સોનાનું કડું ભેટ મળે!"'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ઢંઢેરો પિટાવ્યો. અને બીજે દિવસે કિલ્લા બહાર સૌ ઊભા રહ્યા હતા. કોઈ માણસ આવે છે કે નહિ, એ જોતા હતા. ત્યાં એક માણ આવ્યો.

તેણે મહારાજને કહ્યું : 'હું કિલ્લામાં અંદર પેસી જાઉં ને પાછો બહાર પણ એ જ રસ્તે નીકળી શકું !'

મહારાજને નવાઈ લાગી. એમના ધારવા પ્રમાણે કિલ્લો અભેદ્ય હતો. સરદારો તેને ડંફાશ મારતો જોઈ રહ્યા. પણ મહારાજે આજ્ઞા આપી. તે તરત જ પાસેની ઝાડીમાં અદૃશ્ય થઈ ગયો ક્યાં ગયો ને શી રીતે ગયો, તે કોઈને ખબર જ પડી નહિ. સમય પણ ઠીક ઠીક ગયો.

સૌએ જાણ્યું કે માત્ર ગપ્પું મારવા માટે જ એ આવેલ હોવો જોઈએ.

કોઈને તો એ દુશ્મનનો માણસ હોવાની શંકા પણ થઈ આવી.

પણ ત્યાં તો રાયગઢના કિલ્લા ઉપર ધ્વજ દેખાયો. પેલો માણસ પોતે જ ધ્વજ ફરકાવતો ત્યાં ઊભો હતો !

અને પછી સૌના આશ્ચર્ય વચ્ચે, એ પ્રમાણે એ પાછો પણ આવી ગયો.

મહારાજે તરત જ એને સોનાનાં કડાં ભેટ આપ્યાં. એણે બતાવ્યો તે માર્ગ બંધ કરાવ્યો, હવે કિલ્લો અભેદ્ય છે, એની ખાતરી થઈ હતી.

પણ એટલામાં એક બીજી વાત બની.

એક વખત એક રબારણ રાયગઢમાં દૂધ વેચવા આવેલી. દૂધ વેચતી જાય ને ખોટી થતી જાય. એમાં મોડું થઈ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ગયું. દરવાજા બંધ થઈ ગયા. તેણે બહુ આજીજી કરી, પણ એ સમય તો ભયંકર હતો. અને ત્યારે કિલ્લાની જવાબદારી જેવીતેવી વાત ન હતી.

એટલે એને કોઈએ નિયમ બહાર દરવાજો ઉઘાડી દીધો નહિ.

છેવટે એ નિરાશ થઈ ગઈ. પણ કિલ્લામાં રોકાઈ જવું પડે, તો એના નાના બચ્ચાનું શું થાય? ઘરવાળાનું શું થાય?

એટલે છેવટે એણે પોતે પોતાનો માર્ગ કરી લીધો. અંધારું થયું, એટલે એ કિલ્લા ઉપર ચડી. જિંદગીના જોખમે, એ એક ઠેકાણેથી નીચે ઊતરી ગઈ.

મહારાજની પાસે કર્ણોપકર્ણ આ વાત આવી. તેણે તરત રબારણને બોલાવી : 'રાત્રે તેં કિલ્લામાંથી શી રીતે રસ્તો કાઢયો !'

'મહારાજ ! અમે તો ડુંગરાના રખડવાવાળા. અમારી નજરે કોઈ ને કોઈ જગ્યા ચડી જાય. મેં એવી જગ્યા ગોતી કાઢી, ને ત્યાંથી નીચે ઊતરી ગઈ !'

શિવાજી મહારાજે તરત જ રબારણની સાથે જઈને સ્થાન જોયું.

આટલી આટલી જહેમત છતાં આવું એક સ્થાનક હજી પણ હતું, તે જોઈને એમને નવાઈ લાગી.

આ એક સ્થાનક તો રાયગઢનું નામનિશાન મિટાવી દે.

એમણે તરત જ, ત્યાં બુરજ બંધાવવાનો હુકમ કર્યો. અને એ રબારણના નામ ઉપરથી બુરજનું નામ પણ રખાયું : 'હીરાકણી !'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

## સત્યની શોધમાં



હિમાલયની બરફઢંક શિખરમાલાઓ! તમારે રસ્તે થઈને જે જે હિંદમાં આવ્યા, તેમાં તમને કોણ વીરનો પણ વીર લાગ્યો છે?

તમારે રસ્તેથી જ એક દિવસ પેલી રાણી સેમિરામીસ આવી હતી. તમારે રસ્તેથી જ સિકંદર આવ્યો હતો. તમારે રસ્તેથી જ અનેકો આવ્યા. અનેકો તમારામાં પોઢી પણ ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ એક માણસ તમારે રસ્તેથી આવ્યો—અને એ વીરનો પણ વીર ગણાય એવા બિરુદને શોભાવી ગયો.

આજથી પંદરસો વરસ પહેલાંની એ વાત છે. ચીનથી નીકળેલા ત્રણ મુસાફરો તમારી હાડ ગાળી નાખે તેવી ઠંડીમાં ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા.

અનેકો તમારા એ રસ્તે આવતા, આટલું જ કષ્ટ વેઠીને, આટલી જ ઠંડી વેઠીને, આટલી જ જીવલેણ મુસાફરી કરીને.

પણ એ આવનારા જુદા હતા. આ આવનારાઓ જુદા હતા.

બીજાઓ આવતા, ત્યારે એ માલ લેવા આવતા. પૈસા માટે આવતા. હીરા, માણેક, મોતી માટે આવતા. એમને કાંચનની મોહિની હતી.

વિજયી સેનાપતિઓ આવતા, એમને યશગાથાઓ પ્રગટાવવી હતી.

રાજાઓ આવતા, એમને પોતાની મહત્ત્વાકાંક્ષા તોષવી હતી.

પણ આ ત્રણ અકિંચન મુસાફરો આવી રહ્યા હતા—કીર્તિ મેળવવા માટે નહિ, યશગાથા રચવા માટે પણ નહિ, રાજપ્રાપ્તિ માટે પણ નહિ, કાંચન ઉપાડી જવા માટે પણ નહિ—કેવળ એક સત્યશોધન કરનાર મહાપુરુષનાં જીવનખંડેર જોવા માટે! જીવનશોધન કરનારનાં જીવનખંડેર જોવા માટેની એમની આ જીવનયાત્રા હતી!

એ ત્રણ મુસાફરોમાં એક, વિખ્યાત ફા-હિ-યાન હતો.

આકાશ સાથે વાતો કરતા બરફ-આચ્છાદિત શિખરો ઊતરીને,એ આગળ વધ્યા. ત્યાં કોઈ કહેતાં કોઈ માણસ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દેખાતું ન હતું. કેવળ બરફ, બરફની સાથે ગોષ્ઠિ માંડી બેઠો હતો !

પણ આ અસહ્ય ઠંડીમાં, ત્રણમાંથી એક જણાની તબિયત લથડી. બીજા બે, એને માટે ખોટી થાય તો તો ત્રણેની મૃત્યુભૂમિ આંહીં જ બને. એટલે તેણે ગદ્‌ગદ કંઠે બન્નેને કહ્યું : 'તમે આગળ વધો. મને છોડી દો !'

આખું બરફઢાંકયું જંગલ, આ ત્રણ વીરોની વાત સાંભળી રહ્યું. એમણે હજારો માઈલ સાથે ગાળ્યા હતા. સાથે રમ્યા હતા. સાથે ઊછર્યા હતા. ચીનદેશમાંથી સાથે નીકળ્યા હતા. આંહીં આ એકને તજીને જવું, એ જીવતું મૃત્યુ હતું. તેમણે ત્યાં સાથે જ મરવાનો નિશ્ચય કર્યો.

પણ પેલાએ બન્નેને આજીજી કરી, આંસુ સાર્યાં.

'જે જે સ્થળમાં તમે ફરો, ત્યાં ત્યાં મને સંભારજો એ બસ છે.' એવી આશ્વાસનવાણી કહી, તેમને કોઈ પણ રીતે આગળ વધવાને કહ્યું : 'આગળ વધો, મિત્રો ! આગળ વધો. આગળ ઈશ્વર છે !'

અંધારું આવી રહ્યું હતું. રાત અને બરફ બન્નેને માણસના દેહ ઉપર વસ્ત્ર પાથરી દેવું હતું. એ બન્ને જાણતા હતા, કે માણસને અત્યંત પ્રિય વસ્તુ છે, સૂઈ જવું તે. આંહીં આ એક માણસ સૂતો હતો—અને સૂતો સૂતો જ ચિરનિદ્રામાં પડી જવાનો હતો !

બન્ને પોતપોતાની ચાદર એના ઉપર ઓઢાડવા માટે દોડી રહ્યા હતા, અને બરફ !

પેલા બન્ને મિત્રો તેને ભેટતા, તેને જોતા, તેને ફરી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ફરીને નિહાળતા, આગળ વધ્યા. બીજો ઉપાય જ ન હતો. એ બે આગળ ચાલ્યા.

પણ એમના પગ આગળ વધે છે, હૈયું તો પાછળ રહે છે.

પણ બીજો દિવસ થયો. અને બીજો એક ડગ્યો. તેને પણ ઠંડી, ઠંડી રીતે હણી રહી હતી. હવે તો ફા હિ યાન એક ડગલું પણ આગળ વધવા માગતો ન હતો. તે પોતાના દેશભાઈ પાસે જ બેસી ગયો. તેને પ્રેમથી કહ્યું : 'ભાઈ ! આપણે હવે આંહીં સાથે જ સૂઈ જઈશું. આપણા દેશને સંભારતા સંભારતા, આપણે આ બરફને જ ઓઢી લેશું !' આપણા બન્નેને ઢાંકનારું એક જ આકાશ હશે !'

ફા-હિ-યાનને પેલા ભાઈએ આજીજી કરી : 'ભાઈ ! તમે આગળ વધો. આગળ વધો. આગળ વધીને તમે હિંદ જોશો, તો કોઈક દિવસ આપણા દેશ ચીનને, આપણા ધર્મપિતા ભગવાન બુદ્ધદેવની, સાચી વાતો જાણવા મળશે. આપણે સાચી વાત શોધવા નીકળ્યા હતા. એકબીજાને માટે જીવન આપવા સારુ નીકળ્યા ન હતા. જે જીવે, જે જાણે તે જણાવે એ આપણી પ્રતિજ્ઞા હતી. ભાઈ ! તમે આગળ વધો, આગળ વધો ! આપણી પ્રતિજ્ઞા પાળો. તમે સાચી વિદ્યા જાણી લાવો.'

પણ ફા હિ-યાન એને એકલો છોડીને જતાં મરણની વેદના અનુભવતો હતો.

પણ પેલા મિત્રે એનો રસ્તો તરત ચોખ્ખો કરી દીધો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થોડી વારમાં તો એ છેલ્લો શ્વાસ લઈ રહ્યો હતો.

એટલે એને માટે પોતે રોકાય ન રોકાય, એ સરખું હતું. —અને બે હાથ જોડીને ફા-હિ-યાનને આગળ વધવાનું કહેતો કહેતો થોડી વારમાં તો ચાલી નીકળ્યો ! અનંતને પંથે.

બરફના ડુંગરાઓ એના મૃતદેહને, એને નાના બાળકની પેઠે રડતા ફા-હિ-યાનને જોઈ રહ્યા !

જ્યાં કોઈએ કોઈ દિવસ રુદનને સાંભળ્યું ન હતું, ત્યાં ફા-હિ-યાન નાના શિશુની પેઠે રડી રહ્યો હતો.

એક મૃત શરીરના હૃદયને હૃદય લગાવીને, એક માણસ છાતીફાટ રોઈ રહ્યો છે, એ જોઈને એક કસ્તુરી-હરણ, એ વાત જંગલને કહેવા માટે ત્યાંથી દોડયું ગયું !

પણ હૃદય ફાટે તેવો વિલાપ કર્યા પછી ફા-હિ-યાન શાંત થયો. પોતાનાં જૂનાં વસ્ત્રો ને ગ્રંથોની બે–ચાર પોટલી ખભે નાખી, ઊંચે આકાશ સામે એક શ્રદ્ધાભરી દૃષ્ટિ નાખી : અને વારંવાર પેલા મૃત શરીરને જોતો અને રોતો, તે આગળ ચાલી નીકળ્યો !

પર્વતોમાં પહેલાંના જેવી શાંતિ પથરાઈ ગઈ.

આવા નિઃસીમ બરફઢાંકયા, ભીષણ, શૂન્ય માર્ગે, કેવળ અદમ્ય ઇચ્છાથી, માત્ર એક માણસ, સત્યને શોધવા જઈ રહ્યો હતો, તે આશ્ચર્યજનક દેખાવને હિમાદ્રિનાં શિખરો પણ જોઈ રહ્યાં ! બીજી બધી વીરતાઓ હતી. પણ આ.... તો વીરતાની વીરતા હતી !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# જ્ઞાન ને અહમ્



ભગવાન શંકરાચાર્યને એક વિચાર આવ્યો. લોકસંગ્રહ માટે પોતે જે વેદાંત જ્ઞાન વહેતું મૂક્યું છે તે જ્ઞાન, વખત જતાં ઊંધી રીતે સમજાશે, અને એમાંથી જ્ઞાનની મશ્કરી જન્મશે! માટે એ જ્ઞાન ઉપર વધારે સ્પષ્ટ વિવરણ થાય તો એ સદા સાચો પ્રકાશ આપતું રહે!

લોકમાનસ જ્યારે જ્ઞાનને બરાબર સમજતું નથી, અને પોતાના મનમાન્યા અર્થો એમાંથી કાઢે છે, ત્યારે એ જ્ઞાનને ભૂલી જાય છે, અને ખોટા જ્ઞાનનો પ્રચાર કરે છે. ખોટા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શબ્દો, ખોટું જ્ઞાન, અને ખોટા વિચાર, પ્રજાને વહેંતિયા, ઠીંગુજી જેવી બનાવી દે છે. માટે પોતાના વેદાંત ગ્રંથ ઉપર એક સુંદર, સાદી, સ્વચ્છ, સ્પષ્ટ એવી વિવેચન ટીકા, સામાન્ય જનો માટે કરાવવી. તો, વેદાંત જ્ઞાનનો ખરો અર્થ હમેશાં લોકની નજર સમક્ષ રહી જાય, ને જ્ઞાનની અવહેલના ન થાય! પોતે જે જ્ઞાન મૂકે તે જ્ઞાન વિકૃત ન બને એ જોવાનું કામ પણ જ્ઞાનીનું જ છે. એટલા માટે સ્પષ્ટ અર્થો આપી દેવા જરૂરી છે.

આ કાર્ય માટેની સૌથી વધારે યોગ્યતા હોય તો તે મંડનમિશ્રની. પદ્મપાદ હતો, હસ્તામલક હતો, આનંદગિરિ હતો, પણ મંડનમિશ્રમાં જે હતું, તે તો કોઈક જુદું જ તત્ત્વ હતું. એણે પોતાના પરાજયને હસતે મોંએ સ્વીકાર્યો હતો. એ કામ ખરો વિદ્વાન જ કરી શકે. પોતાના સમગ્ર ચિત્તતંત્રને નવા જ્ઞાનના પ્રકાશથી, આવડી વયે જુદી જ રીતે એણે પ્રકાશિત કરી મૂકયું હતું. એની વિદ્યા, એ પ્રકાશમાં સત્ય–શોધન માટે આગળ વધી રહી હતી. વિદ્યાના સાગર પાસે, પોતાના વ્યક્તિત્વને એણે નાચીજ ગણ્યું હતું. વિદ્યા, અને નહિ કે વ્યક્તિત્વ, દુનિયાને પ્રકાશ આપે. એવી રાગદ્વેષ અને અભિમાનથી પર વસ્તુ, મંડનમિશ્ર પાસે હતી. એની આંખમાં એક પરમ તેજસ્વી વાત બેઠી હતી. ‘મારો પરાજય હો, મારી સમજણનો પણ પરાજય હો, મારી વિદ્વાન તરીકેની કીર્તિનો પણ પરાજય હો, પણ ‘સત્ય જ્ઞાન’નો વિજય હો! અને સત્યશોધનનો અંત ન હો!’

એટલે મંડનમિશ્ર એ કાર્ય ઉપાડી લે, એમ ભગવાન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શંકરાચાર્ય ઇચ્છી રહ્યા હતા, પણ પદ્મપાદની નામના એ વાતમાં અંતરાયરૂપ હતી. બીજા શિષ્યો પદ્મપાદને આગળ મૂકતા હતા. વેદાંતવીરોમાં દ્વિધા જન્મી હતી. 'આ કે આ?' એવો વિકટ અને મહાન પ્રશ્ન ઊભો થયો હતો. અદ્વૈતના જૂથમાં પણ એક વાતનો સંઘર્ષ જાગ્યો હતો. વ્યક્તિ અને વ્યક્તિ સમાન છે એ ખરું, પણ વ્યક્તિ અને વિદ્યા એ બન્ને ભેગાં થાય, ત્યારે એક વ્યક્તિ એ એક વ્યક્તિ છે, ને બીજી વ્યક્તિ એ બીજી જ વ્યક્તિ છે.

પણ શક્તિને ન પિછાનવાના મતાગ્રહે તો દુનિયાને ઘણી વખત ગરીબ કરી મૂકી છે.

અને આંહીં પણ એ જ વાત આવીને ઊભી હતી.

મંડનમિશ્રનું સ્થાન પદ્મપાદે લીધું. એણે વેદાંતજ્ઞાનની વિવેચના ઉપરની વિવેચના ઉપાડી, અને એનું એ કામ પૂરું પણ થયું.

પણ પદ્મપાદના દિલમાં હજી એક જરા જેટલો પણ વ્યક્તિત્વનો 'અહમ્' રહી ગયો હતો.

'હું' એ શબ્દે કૈંકને નિર્માલ્યના પણ નિર્માલ્ય બનાવી દીધા છે. અને ખૂબી એ છે કે જ્ઞાન, પરાક્રમ, શીલ, સંસ્કાર એ બધામાં ગમે ત્યાં 'હું' દેખાય, એટલે એ બધા મૂલ્યવાનના મૂલ્યવાન પદાર્થો, તરત નિર્માલ્યમાં નિર્માલ્ય બની જાય છે!

'હું' આવ્યો કે મહત્તા ગઈ!

પદ્મપાદને આ વિવેચન લઈને ઊપડવું હતું, પોતાની જનમભોમકામાં.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ત્યાંના વિદ્વાનોને પોતાના આગાધ જ્ઞાનથી એ ચકિત કરી નાખવા માગતો હતો.

પદ્મપાદે ગુરુની આજ્ઞા માગી : 'રામેશ્વર જવાની ઇચ્છા છે,' તેણે કહ્યું.

ભગવાન શંકરાચાર્ય એની વાત કળી ગયા. પદ્મપાદની જન્મભૂમિ રામેશ્વર તરફ. ત્યાં જઈને પોતાની જ્ઞાનવાત એ મૂકવા માગતો હતો. જન્મભૂમિ પ્રત્યેનું નૈસર્ગિક આકર્ષણ એમાં હતું, પણ એમાં એક બીજી વાત પણ હતી. પદ્મપાદને પોતાનું જ્ઞાન પોતાની ભૂમિમાં પ્રગટ કરવું હતું !

ભગવાન શંકરાચાર્ય ઊંડા ચિંતનમાં ઊતરી ગયા પછી તેણે ધીમેથી કહ્યું : 'પદ્મપાદ ! કેટલીક વખત જે સમજાય છે, તે ન સમજાવવામાં પણ ઓર આનંદ રહ્યો છે. જ્ઞાનીઓ એ આનંદને પણ જાણે છે ! "અનુભવીએ એકલા આનંદમાં રહેવું—" એ પણ એક અવસ્થા છે.'

પણ પદ્મપાદને તો જવું જ હતું, એટલે ભગવાને એને છેવટે જવાની અનુમતિ આપી.

પદ્મપાદ પ્રથમ પોતાના કાકાને ત્યાં ગયો.

ચિદમ્બરમ્‌માં કાકા રહે. પણ વેદાંતજ્ઞાનને એ જુદી જ રીતે સમજે. અને એ સમજણ તજવાને કે બીજાની સમજણ લેવાને તૈયાર ન હતા. જેમ જર્જરિત શરીર નવું લોહી લઈ શકતું નથી, તેમ એક મતમાં વર્ષોથી ઊછરેલો માણસ, બીજો મત એકદમ ગ્રહણ કરી શકતો નથી. કાકાની પાસે પદ્મપાદે પોતાનું જ્ઞાન તો બતાવ્યું, પણ કાકાને એની

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વાત ભયંકર લાગી. ચિદમ્બરમ્‌માં જે વિદ્વાનો હતા, તેમની વાતને પદ્મપાદે રોળીટોળી નાખી હતી.

પદ્મપાદને તો વિજયડંકો વગાડતાં વગાડતાં છેક રામેશ્વર સુધી જવું હતું.

કાકાએ કહ્યું : 'ભાઈ! તને તો સરસ્વતી જિહ્વાગ્રે છે. મફતનો આ પુસ્તકોનો ભાર શું કરવા સાથે ઉપાડી જાય છે? આવાં મૂલ્યવાન પુસ્તકો રસ્તામાં ખોવાયાં તો એ પાછાં તત્કાલ થઈ શકવાનાં છે? માટે એમને તો આંહીં મૂકતો જા.'

પદ્મપાદને તો પોતાની વિદ્યાનું અભિમાન હતું. અને એમાં કાકાએ કહ્યું કે તારે તો સરસ્વતી જિહ્વાગ્રે વસી છે, એટલે તો એ મધુર નાદમાં બીજી કોઈ વાતનો એને ખ્યાલ જ ન રહ્યો.

એણે પુસ્તકો ત્યાં કાકા પાસે રાખ્યાં, અને પોતે રામેશ્વર જવા ઊપડ્યો. યાત્રાની યાત્રા, જ્ઞાન-વિતરણનું જ્ઞાન-વિતરણ, અને વળી પોતાની વિદ્યાકીર્તિનો ધ્વજ ફેલાવવાની પણ તક મળી ગઈ.

એણે તો ગુરુના જ્ઞાનની વાહ વાહ પોકરાવી દીધી. જ્ઞાનમાં જ્ઞાન આ—જે પદ્મપાદ બોલે છે તે—એવી હવા બધે ફેલાઈ ગઈ.

તે પાછો કાકાને ત્યાં આવ્યો. પોતાની જ્ઞાનયાત્રાનો વૃત્તાંત કહ્યો. ભગવાન શંકરાચાર્યનો દિગ્વિજય રામેશ્વરથી કાશ્મીર સુધી થઈ ચૂક્યો છે, એ વાત કહી. અને પોતે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એ કઠિન જ્ઞાનને કેવું લોકગમ્ય કરી મૂક્યું છે એ વસ્તુ પણ ગર્વભેર કહી સંભળાવી.

કાકા તો બધું સાંભળી રહ્યા હતા. એમની તો એક જ વાત હતી. બીજા ભલે ગમે તેવા વિદ્વાન હોય—પણ ચિદમ્બરમ્‌ના વિદ્વાનોનો 'અહો' મોળો ન પડવો જોઈએ. બન્ને વિદ્વાનો હતા, અને છતાં એમની વચ્ચે વાત વિદ્યાની ન હતી—વાડાની હતી. અમારો વાડો શ્રેષ્ઠ. એ વાડામાં હોય તે શ્રેષ્ઠ. એ વાડામાં આવે તે શ્રેષ્ઠ.

અચાનક ભત્રીજાએ કહ્યું : 'પણ પેલાં પુસ્તકો ક્યાં છે? એ પુસ્તકો તો હવે દેશદેશમાં ફેલાવવાનાં છે!'

'હતાં ફેલાવવા જેવાં જ....' કાકાએ ઠંડી રીતે કહ્યું, 'પણ બધાંય એક દી બળી ગયાં!'

'હેં? બળી ગયાં? કોણે બાળી નાખ્યાં?'

'બાળી કોણે નાખે? અચાનક જ બળી ગયાં!'

'અરે! કાંઈ અચાનક બળે? કારણ વિના તે કાર્ય થતું હશે?'

'એ તો સૌ જાણે છે, પદ્મપાદ! કારણ વિના કાર્ય ન થાય. આનું પણ કારણ હશે. માત્ર શું કારણ છે, એ આપણે જાણતા નથી. આપણે તો કાર્ય જ જોઈએ છીએ!'

પદ્મપાદના ઉપર આભ તૂટી પડ્યું. એણે કેટલી મહેનતે આ વસ્તુઓ તૈયાર કરી હતી. એને હવે ભગવાન શંકરાચાર્યનાં વાક્યો યાદ આવ્યાં. 'જાણનાર ન જણાવે, એ પણ આનંદનો એક અનુભવ છે.' પણ હવે શું થાય?

અને ત્યાં તો કાકાએ બધાં પુસ્તકોની સાચવી રાખેલી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રાખનો ઢગલો રજૂ કર્યો. ‘ભાઈ! આ તું લઈ જા. વખત છે, તારા ગુરુના પ્રતાપે એમાંથી અક્ષરો પાછા ઊઠે!’

પદ્મપાદ કાંઈ બોલ્યો નહિ. એનું મન ખિન્ન થઈ ગયું. એ જ વખતે એ ત્યાંથી ચાલી નીકળ્યો. પણ હવે એ ગુરુ-ચરણે પોતાનું અભિમાન મૂકી દેવા માટે જઈ રહ્યો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# છેલ્લી સેવા !



મગધના રાજા અજાતશત્રુની સામે, રાજગૃહ નગરીના ભિષગ્વરોની આખી એક સેના ઊભી રહી ગઈ હતી. વિખ્યાતમાં વિખ્યાત ભિષગ્વરો ત્યાં હતા. આકાશગોત્ર હતો. મહાઘોષ હતો. શબ્દસિંધુ હતો. બીજા પણ અનેક હતા.

રાજાએ એમને શા માટે બોલાવ્યા હશે એની ચિંતા બધાના ચહેરામાં બેઠી હતી.

રાજા અજાતશત્રુ એક પળે ઉદારમાં ઉદાર દેખાતો. તો બીજી પળે, એના જેવો કોઈ અનુદાર નહિ હોય એવું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વર્તન એ દાખવતો. એક પળે એ દયાનો સાગર જણાતો. બીજી પળે એ ક્રૂરમાં ક્રૂર લાગતો. એક પળે, એના હૃદયમાં આનંદની છોળ ઊડતી હોય. બીજી પળે, એ કોઈકને હણી નાખવા માટે સમશેર શોધતો હોય.

એના સ્વભાવમાં અનેક વિચિત્રતાઓ એકી સાથે રહેતી હતી. એ તેજસ્વી હતો અને ભયંકરમાં ભયંકર હતો. એ જિજ્ઞાસુ હતો, અને એ કોઈનામાં શ્રદ્ધા રાખનારો ન હતો. એ મહત્ત્વાકાંક્ષી હતો, અને એને યુદ્ધનો ભાર પણ જણાતો હતો.

આવો આ વિચિત્ર રાજા, આજે રાજગૃહ નગરીના બધા જ ભિષગ્વરોને શા માટે બોલાવી રહ્યો હશે, એ કોયડાની અણદીઠ ભીતિ, ત્યાં બધાના ચહેરામાં આવી ગઈ હતી.

એટલામાં રાજાનો હાથી આવતો જણાયો. હાથી થોડે છેટે રહ્યો, એટલે અજાતશત્રુ હાથી ઉપરથી ઊતરી ગયો.

તે ભિષગ્વરોની પંક્તિ તરફ, ચાલતો ચાલતો, આવી રહ્યો હતો.

ભિષગ્વરોએ છૂટવાનો દમ લીધો. રાજા ચાલતો ચાલતો આવી રહ્યો હતો, એ વાત એમના લાભની જણાતી હતી. એ કાંઈક વિજ્ઞપ્તિ કરવા માટે આવતો હોવો જોઈએ. એ અત્યારે સારો સ્વભાવ જ દર્શાવશે, એ વાતની એમના સૌના મનમાં આશા આવી ગઈ.

એટલામાં રાજા પાસે આવ્યો. એની સાથે પણ કોઈ ન હતું. એ એકલો જ બે હાથ જોડીને આગળ વધ્યો :

Ac. Gunratnasuri MS   Jin Gun Aradhak Trust

'ભિષગ્વરો! મારે તમને એક વિજ્ઞપ્તિ કરવી છે!' તેણે શાંત ધીમા સ્વરે કહ્યું.

ભિષગ્વરો હાથ જોડીને તેની સામે શાંત ઊભા રહી ગયા.

'ભગવાન તથાગતના ધર્મસેનાપતિઓ જેવા સ્થવિર મૌદ્ગલ્યાયન અને સારિપુત્ર બન્નેના ઉપર એક મહા આક્રમણ થયું છે!'

'કોણે કર્યું છે, પ્રભુ?'

'રોગે, મિત્રોએ અને શત્રુઓએ!'

કોઈને કાંઈ સમજાયું નહિ.

રાજા આગળ વધ્યો: 'દેવદત્ત દુષ્ટ હતો, તે તમે સૌ જાણો છો. ભગવાન બુદ્ધનો એ સ્વજન હતો તે પણ તમે જાણો છો. ભગવાને એને સંઘપતિ નીમવાની ના પાડી, ત્યારથી એ અનેક પ્રકારના વિતંડાવાદ કરતો હતો. એ મૃત્યુ પામ્યો અને એ નરકમાં ગયો. સારિપુત્ર અને મૌદ્ગલ્યાયને આ જાહેર કર્યું. અને દેવદત્તના અંતેવાસીઓએ એમના ઉપર કાષ્ઠનો, ઈંટનો, પથ્થરનો, છાણમૂત્ર અને ધૂળનો વરસાદ વરસાવ્યો. એમના શરીર ઉપર ગાંડાઓની પેઠે એ તૂટી પડયા. સારિપુત્ર ભયંકર રીતે બીમાર છે. મૌદ્ગલ્યાયન પણ ભારે આક્રમણના આઘાતથી પથારીવશ છે.

'તમે રાજગૃહના ભિષગ્વરો છો. તમારી વિદ્યાનો આજે એવો ઉપયોગ કરો કે, આ બન્ને સાધુઓ આઠ દિવસમાં બેઠા થઈને હરતાફરતા થઈ જાય. આઠ દિવસમાં હરતાફરતા થઈ જવા જ જોઈએ. એ જોવાનું કામ તમારું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

છે. મારી એ આજ્ઞા છે. મેં તમને સૌને આંહીં બોલાવ્યા છે એટલા માટે.'

ભિષગ્વરો રાજાની વાણી સાંભળી રહ્યા. એ વાણીમાં રહેલો આજ્ઞાનો ટંકાર એમને ખૂંચી રહ્યો. ભિષગ્વિદ્યા પણ એની દાસી હોય, તેમ રાજા બોલી રહ્યો હતો.

ભિષગ્વરોના મનમાં વિપ્લવ જાગી ગયો.

આજે એ ભિષગ્વિદ્યાને દાસી માને છે. આવતી કાલે તમામ વિદ્યાને એ પોતાની રાજમહાલયની કુંભદાસીઓ ગણશે.

આજે જો એને જવાબ આપવામાં નહિ આવે, તો આવતી કાલે એ વિદ્યા માત્રનો, તિરસ્કાર કરવા માંડશે.

આજ દિવસ સુધી એ પોતે જ દેવદત્તનો મિત્ર હતો, સાથી હતો, એને પાંચસો સ્થાલીપાક ભોજન મોકલતો હતો, એનું બહુમાન કરતો હતો.

આજે વળી એ બુદ્ધ ભગવાનનો શિષ્ય બની જવા નીકળ્યો છે!

કાલે વળી, એ કોઈ ત્રીજા જ ગુરુનો શિષ્ય થવા નીકળશે.

એની વિચિત્રતા નભાવવાનું કામ રાજદ્વારીઓનું છે, વિદ્વાનોનું નહિ : ભિષગ્વરોનું તો નહિ જ.

તે બધા એકબીજાની સામે જોવા માંડ્યા. બધાની આંખમાં વાત એક જ આવી ગઈ હતી. એને વાણી કોણ આપે એ જ પ્રશ્ન હતો. છેવટે આકાશગોત્ર બોલ્યો : 'ભન્તે રાજન્! ભિષગ્વરો તો પરાપૂર્વથી પોતાના દર્દીઓ માટે બધું

Ac. Gunratnasuri MS                                    Jin Gun Aradhak Trust

જ કરી છૂટતા આવ્યા છે. આવા બે મહા સદ્‌ગુણી સ્થવિરોનું દેહકષ્ટ જેમ બને તેમ જલદી શમી જવું જોઈએ. એ તમારી પેઠે અમારી પણ ઇચ્છા છે. પણ એટલા માટે આવી આજ્ઞા મગધપતિ કરે—અને અમે એ નીચી મૂંડીએ ઉઠાવીએ, તો રાજગૃહની ડુંગરમાળાઓ લાજે. અમે તમામ કરી છૂટીશું. તમે આજ્ઞાનો શબ્દ પાછો લઈ લો. વિશ્વમાં એક પદાર્થ આજ્ઞાથી પર છે.'

અજાતશત્રુના અવાજમાં સહેજ કંપ આવ્યો : 'કોણ ?'

'વિદ્યા !' આકાશગોત્રે કહ્યું.

'વિદ્યા કે રાજા ?'

'રાજા નહિ, મહારાજ ! વિદ્યા. વિદ્યા કોઈ પાસે આજ્ઞા લેતી નથી. એ કોઈની આજ્ઞા માનતી નથી. એ કોઈને આજ્ઞા આપતી નથી. વિદ્યાનો સ્વામી એક જ છે !'

'કોણ ?'

'વિદ્યાનો સ્વામી વિદ્યા પોતે ! બીજો કોઈ નહિ !'

અજાતશત્રુના મોં ઉપર એક પ્રકારનો ઉદ્વેગભર્યો રોષાગ્નિ પ્રગટ્યો. તે કાંઈક વ્યગ્ર થઈ ગયો. તેનું માથું ગુસ્સામાં હાલી ગયું.

તેણે જવાબ વાળ્યો. તેના શબ્દોમાં આવેશ આવી ગયો. તેણે હાથ જોડ્યા હતા, પણ તેની આંગળીઓ ધ્રૂજી રહી હતી. તેણે મક્કમ, દૃઢ, ઉતાવળા, વેગભર્યા, ક્રોધિત સ્વરમાં કહ્યું : 'ભિષગ્વરો ! વિદ્યા સર્વોપરી હશે, વૈશાલીમાં, કપિલવસ્તુમાં કે તક્ષશિલામાં. ત્યાં ગણતંત્રો છે. આંહીં તો રાજાનો શબ્દ એ છેલ્લો શબ્દ છે. વિદ્યા, વૈભવ, પ્રજા અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રજાનાં સાધનો, મગધદેશની પ્રજાની તમામ સમૃદ્ધિ, અને એની બીજી બધી શક્તિઓ, રાજશાસનના ઉત્કર્ષ માટે રહેશે, ત્યાં સુધી જ તમે પણ સલામત છો. કામ્બોજ, મદ્ર અને બીજાને પૂછો. પારસકના શાસાનુશાસનના સૈન્ય પાસે ભારતવર્ષ પાણી ભરશે. જો એકચક્રી શાસન હશે નહિ, તો ભારતવર્ષ પણ હશે નહિ. ભિષગ્વરો! આ મારા છેલ્લા શબ્દો છે: જો સાત દિવસમાં સ્થવિર મૌદ્ગલ્યાયનને હું રસ્તામાં ફરતા નહિ દેખું, તો તમારી વિદ્યા અવિદ્યા ગણાશે. અને મગધને અવિદ્વાનોનો ખપ નથી—એ પણ જાણી લેજો. વિદ્યા વિનાના નામના વિદ્વાનો, અને ફળફૂલ વિનાનાં સુક્કાં વૃક્ષો, એમનું ક્યાં સ્થાન હોઈ શકે એ મારે તમને કહેવાનું ન હોય. તમે બધા ભેગા થઈને જે પ્રમાણે કરવું હોય તે પ્રમાણે કરો. મારે તો સ્થવિર મૌદ્ગલ્યાયનને આજથી આઠમે દિવસે ફરતા જોવાના છે, અથવા તમને ચાલ્યા જતા જોવાના છે! હવે પધારો ભિષગ્વરો!'

રાજા બે હાથ જોડીને નમન તો કરી રહ્યો, પણ એ નમનમાં હજારો સમશેરોની ઉગ્રતા હતી.

ભિષગ્વરો સચિંત બની ગયા. સ્થવિર મૌદ્ગલ્યાયનને જોવા ગયા. એમના ઘાવ જોયા. એમના ઉપર થયેલ આક્રમણનો મૂઢ માર તપાસ્યો. એમના શરીરનું બળ જોયું. ઔષધોની શક્તિનું માપ કાઢ્યું. કોઈ પણ હિસાબે આઠ દિવસમાં મૌદ્ગલ્યાયન ફરતા થઈ જાય, એ ન ભૂતો ન ભવિષ્યતિ જેવી વાત હતી.

તે એકબીજાની સામે જોઈ રહ્યા. મૌદ્ગલ્યાયને પૂછ્યું:

Ac. Gunratnasuri MS                                                    Jin Gun Aradhak Trust

'ભિષગ્વરો ! શી વાત છે? કેમ તમે બોલતા નથી ને સામે જોઈ રહો છો ? શું બન્યું છે ?'

ભિષગ્વરોએ બધી વાત કહી. સ્થવિર મૌદ્ગલ્યાયન વિચારમાં પડી ગયા.

અને અજાતશત્રુની વિચિત્રતા એના ધ્યાનમાં આવી ગઈ. પોતાના માટે થઈને આ ભિષગ્વરો ઉપર આફત આવે, તો તો એના જીવનની છેલ્લી ઘડીઓ વિષમય બની જાય. એવું થાય, તો એના જીવનનું પ્યાલું છલોછલ વિષથી ભરાઈ જાય.

પણ એમનું શરીર એમના હાથમાં ન હતું.

એણે કહ્યું : 'ભિષગ્વરો ! ભગવાન દયાળુ છે. ભગવાન તથાગતના આશીર્વાદ આપણને મળશે. તમે નચિંત બનો !'

ભિષગ્વરો ઘેર ગયા, પણ બધાના દિલમાં એક જ વાત ઘોળાઈ રહી હતી. આઠમે દિવસે સ્થવિર મૌદ્ગલ્યાયન ફરતા થાય એ વાત અશક્ય હતી. કદાચ આઠમે દિવસે એમનો દેહ જ નહિ હોય !

છતાં ભિષગ્વરોએ આકાશપાતાળ એક કર્યાં. પણ ક્ષીણ શરીરને એ ફરવાની શક્તિ ન આપી શકયા તે ન જ આપી શકયા. મૌદ્ગલ્યાયનને એમણે હાથ જોડીને વિજ્ઞપ્તિ કરી : 'તમે લેશ પણ શ્રમ ન લેતા. શ્રમ તમારું જીવન ટૂંકાવી દેશે. શ્રમ નહિ લો તો આરામ થઈ પણ જાય !'

પણ રાજા અજાતશત્રુનો ક્રોધ જાણીતો હતો. એ દઈ દે તો દીકરા દઈ દે, ને લઈ લે તો માથાં લઈ લે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભિષગ્વરો રાજગૃહ નગરીને તજી દેવાની તૈયારી કરવા માંડયા. રાત આખી એમણે ચિંતામાં ગાળી.

પણ બરાબર આઠમે દિવસે તો વહેલી પ્રભાતમાં નગરીની શેરીએ શેરીમાં ફરતો એક અવાજ આવ્યો : 'નગરજનો હો ! ભગવાન તથાગતના નામે....'

લેશ પણ શક્તિ નહિ છતાં, અને ભિષગ્વરોની ના છતાં, સ્થવિર મૌદ્ગલ્યાયન પોતે રાજગૃહ નગરીમાં ફરી રહ્યા હતા !

અને એ સાંભળતાં ભિષગ્વરો ચકિત થઈ ગયા. રાજા અજાતશત્રુ મહાલયના દ્વાર ઉપર આવીને સ્થવિરને નમી રહ્યો. છેલ્લી છેલ્લી ભિક્ષા લઈ રહેલા, મૌદ્ગલ્યાયને શાંત દૃષ્ટિથી રાજાની સામે જોયું. આશીર્વાદ આપતો હોય તેમ તેનો હાથ પણ ઊંચો થયો....અને પછી એ ધીમે શાંત પગલે ચાલી નીકળ્યા—પોતાનો દેહ તજવા. પણ છેલ્લી છેલ્લી માનવસેવા કરી લીધાનો મહાસંતોષ, એમના ચહેરા ઉપર આવી ગયો હતો !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

# મનની વાત!



એક વખત ચીન અને ટિબેટના બે રાજાઓ લડી પડયા. વાતમાં કાંઈ માલ ન હતો. પણ લડાઈ વળી ક્યારે કોઈ ખરા કારણને માટે થાય છે? માણસને લડવાનું મન થાય, પછી એનું એ મન, કારણ શોધવા માંડે છે! લડાઈનું કારણ છે માટે લડે છે, એવું કાંઈ જ હોતું નથી!

આંહીં પણ એમ જ થયું. ચીનવાળો રાજા કહે, હું મોટો. ટિબેટવાળો કહે હું મોટો. એક કહે મારો દેવતા સૂરજ, માટે હું મોટો. બીજો કહે મારો દેવતા ચંદ્ર, માટે હું મોટો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એમ ને એમ એ બન્ને જણા લશ્કર તૈયાર કરવાને રસ્તે ચડી ગયા. લશ્કર તૈયાર થયા પછી તો લશ્કર ભેગાં થાય, એટલી જ લડાઈને વાર લાગે.

હવે ત્યાં ડુંગરાઓમાં એક સાધુ રહે. તેને કાને આ વાત આવી. એટલે એ પહેલાં એક રાજાને મળવા ગયો. એણે કહ્યું કે સામાવાળો જો મારા દેવતાને મોટો ગણે તો મારે લડાઈ કરવી નથી.

પછી એ બીજા રાજાને મળવા ગયો. એણે પણ એ જ કહ્યું. પછી એ સાધુએ એક જુક્તિ કરી. એણે કહ્યું કે તમે બન્ને ભેગા થઈને એક મંદિર બાંધો. એ મંદિરમાં હમેશને માટે મોટા દેવતાને મોટે સ્થાને બેસારીશું. એટલે તમે તો ઠીક પણ તમારા વંશજો પણ પોતપોતાનું સ્થાન ઠીક રીતે જાણી લેશે. અને પછી કોઈ દિવસ લડાઈ જ નહિ આવે!

બન્ને રાજાઓએ એ વાત કબૂલ કરી, એટલે સાધુએ એક મંદિર બંધાવવા માંડયું.

મંદિર પૂરું થયું, એટલે એણે એક દિશામાં સૂર્ય મુકાવ્યો ને બીજી દિશામાં ચંદ્રનું મૂર્તિવિધાન કરાવ્યું. પણ મંદિરની બહારની દીવાલો ઉપર આ બન્ને દેવતાઓને એણે મુકાવ્યા.

પણ કારીગરને એણે એમ કહ્યું કે તું એવી જુક્તિ કરજે કે ચંદ્ર તરફથી જોનારને સૂરજ નીચો લાગે, ને સૂરજ તરફથી જોનારને ચંદ્ર નીચો લાગે.

આ પ્રમાણે મંદિર તૈયાર થઈ ગયું, એટલે એણે બન્ને રાજાને પોતપોતાના દેવતા નીચે ઊભા રહીને, સામેના

Ac. Gunratnasuri MS                                        Jin Gun Aradhak Trust

દેવતા તરફ જોવાને કહ્યું.

બન્ને રાજાઓ જોઈને પ્રસન્ન થઈ ગયા. એમનો દેવતા ઊંચો હતો. સામાવાળાનો નીચો હતો.

પછી એ સાધુએ એમને કહ્યું: 'હવે આ સૂરજ-ચંદ્રને બહાર મૂકયા છે, તેનો એક બીજો અર્થ પણ છે. જ્યારે ને ત્યારે તમારી લડાઈ થાય છે, ત્યારે આ સરહદ ઉપર થાય છે. એ લડાઈમાં ઘણુંખરું સરહદભંગની વાત આવે છે. એટલે આ મંદિર હવે બન્નેની સરહદ દબાવીને આંહીં બેઠું રહેશે. પણ તે ક્યાં સુધી? 'યાવચ્ચંદ્રદિવાકરૌ' એટલે જ્યાં સુધી આ સૂરજ ને ચંદ્ર રહે ત્યાં સુધી.

'આ સૂરજ-ચંદ્ર તપે ત્યાં સુધી તમે એકબીજા સાથે સલાહ કરી છે, ને એ સલાહ તોડનાર ઉપર બન્ને દેવતાઓનો શાપ આવવાનો છે. આ વાત તમે તમારા વંશવારસોને તો કહો, પણ ઢંઢેરો પિટાવીને તમારી પ્રજાને પણ જાહેર કરો, જેથી ભવિષ્યમાં કોઈ કારણસર કોઈ રાજા લડવા ઊઠે, તો પ્રજા એમને લડવાની મના કરે.'

આ પ્રમાણે જ્યાં કાંઈ જ કારણ ન હતું, માત્ર, થોડીક સમજફેર જ ટાળવાની હતી, ત્યાં લોહી-નીગળતું યુદ્ધ માથે ગાજતું હતું સાધુએ એ સાદી સમજણથી ટાળ્યું.

ત્યારથી ચીન-ટિબેટની એ સરહદ પરનું મંદિર લોકો માટે તીર્થધામ બની રહ્યું છે!

—અને છતાં સાદી સમજથી લડાઈ ટળી શકે છે, એ ખરી વાત વિષે, તો કોઈ જ કાંઈ જાણતું નથી. માત્ર ટાંટિયા તોડીને સૌ ત્યાં જાત્રા કરે છે!

• • •

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

